

VIA
VATVA INDUSTRIES ASSOCIATION
CENTRE OF EXCELLENCE

# ANNUAL REPORT

## 2023-2024



# Industries & Members Details of GIDC Estate Vatva




| Details | Phase-1 | Phase-2 | Phase-3 | Phase-4 | Total |
|---|---|---|---|---|---|
| Total Nos. of Industries | 587 | 609 | 220 | 754 | 2170 |
| VIA Members (Ordinary + Associate) | **322** | **391** | **134** | **410** | **1257** |

# ANNUAL REPORT 2023-2024

## વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

(Reg.No. F/10120)

સેન્ટર ઓફ એક્સેલન્સ બિલ્ડીંગ, પ્લોટ નં. ૫૧૧, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૫
ફોન : ૪૦૦૪૯૫૦૦, ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૨૨

## અનુક્રમણિકા


| ક્રમ નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | એક્ઝીક્યુટીવ કમિટી વર્ષ ૨૦૨૩-૨૦૨૪ | ૨-૩ |
| ૨ | પૂર્વ પ્રમુખ, ઉપ પ્રમુખ અને માનદ્ મંત્રીની વિગત | ૪ |
| ૩ | વાર્ષિક સામાન્ય સભાની કાર્યસૂચિ | ૫ |
| ૪ | પ્રમુખ સ્થાનેથી | ૬-૧૧ |
| ૫ | વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ વર્ષ ૨૦૨૨-૨૦૨૩ | ૧૨-૧૮ |
| ૬ | માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ | ૧૯- ૩૩ |
| ૭ | ચેરીટેબલ ટ્રસ્ટ દવાખાનાનો વાર્ષિક અહેવાલ | ૩૪ |
| ૮ | ચેરીટેબલ ટ્રસ્ટ દવાખાનાનો વિવિધ વિભાગોનું સમય પત્રક | ૩૫ |
| ૯ | ઓડીટર રીપોર્ટ | ૩૬-૩૭ |
| ૧૦ | બેલેન્સ શીટ | ૩૮-૩૯ |
| ૧૧ | નફા નુકશાન ખાતાવહી | ૪૦-૪૧ |
| ૧૨ | શીડ્યુલ ૧ થી ૮ | ૪૨-૪૫ |
| ૧૩ | એકાઉન્ટીંગ પોલીસી એન્ડ નોટસ | ૪૬ |
| ૧૪ | વર્ષ દરમ્યાન વિવિધ સેમીનારની વિગત | ૪૭-૬૦ |

# VATVA INDUSTRIES ASSOCIATION

(Reg.No. F/10120)

## EXECUTIVE COMMITTEE YEAR 2023-2024

President
**SHRI DIMPLE V. PATEL**
(M/s. Navrang Industries)

Hon. Secretary
**SHRI KIRAN N. PATEL**
(M/s. Bi-Ki Dyes & Chemicals Pvt. Ltd.)

Vice President
**SHRI VASHISHTH K. VADHVANA**
(M/s. Cascad Engineers)

Hon. Treasurer
**SHRI DHAVAL P. PATEL**
(M/s. Ashhtech Engineering Co.)

Hon. Jt. Secretary
**SHRI HITESH B. PATEL**
(M/s. Nichem Industries)

Imm. Past President
**SHRI ANKIT S. PATEL**
(M/s. Unique Dye Chem)

Hon. Jt. Treasurer
**SHRI KAUMIL K. PATEL**
(M/s. Stork Kaumil Equipements. P. Ltd.)

| COMMITTEE MEMBERS | PHASE | NAME OF UNITS |
|---|---|---|
| Shri Alkesh B. Patel | I | Royal Industries |
| Shri Dharmesh M. Kothari | I | Navrang Machinary Pvt. Ltd. |
| Shri Gaurav V. Patel | I | Adachi Natural Polymer Ltd. |
| Shri Paresh P. Patel | I | Balkrishna Boilers Pvt. Ltd. |
| Shri Sagar V. Kothari | I | Krishna Paper Products |
| Shri Dhaval D. Patel # | I | Kaushal Industries |
| Shri Kiran D. Patel # | I | Shree Raghunath Industries |
| Shri Ankit S. Mehta* | I | Gujarat Varnish Mfg. Co. |
| Shri Bharat C. Patel* | I | Dhara Colorchem Pvt. Ltd. |
| Shri Harshdeepsinh P. Gohil* | I | P. G. Industries |
| Shri Himat V. Bhuva * | I | Shree Shakti Chemicals |
| Shri Jatin M. Patel * | I | Jatin Industries |
| Shri Malay S. Shah * | I | Arihant Dyestuff Pvt. Ltd. |
| Shri Nilesh B. Bosamiya* | I | Space Industries |
| Shri Shaishav H. Vora * | I | Kumar Industries |
| Shri Yashesh R. Shah* | I | Indichem |
| Shri Marmik A. Mehta | II | Jainson Industries |
| Shri Nilesh S. Damani | II | Ronit Enterprise |
| Shri Saumil R. Patel | II | Union Acid & Chemical Industries |
| Shri Parimal B. Patel | II | Ami Chemicals |
| Shri Varun B. Patel | II | Jemby Chem Ltd. |
| Shri Bhumil S. Shah | II | Vitrag Industries |
| Shri Hiten P. Patel# | II | Comet Color Chem Industries |
| Shri Babubhai M. Desai* | II | Gopinath Dyechem |
| Shri Chintan K. Shah* | II | Nirav Dyes & Chemicals |
| Shri Hardik A. Patel* | II | Meghachem Industries |
| Shri Harshit V. Agrawal* | II | J. D. Chem Industries |
| Shri Priyank J. Rakholiya* | II | Shubhlaxmi Industries |
| Shri Rutesh V. Savalia* | II | Shree Rasayan Enterprise |
| Shri Siddharth R. Patel* | II | Hina Dye Chem Industries |
| Shri Shangril S. Patel* | II | Bhagwati Organics Pvt. Ltd. |
| Shri Shyamal S. Patel* | II | Shyamal Intermediates Pvt. Ltd. |

*# CO-OPTED MEMBERS*  **SPECIAL INVITEE MEMBERS*

# VATVA INDUSTRIES ASSOCIATION

(Reg.No. F/10120)

## EXECUTIVE COMMITTEE YEAR 2023-2024

| COMMITTEE MEMBERS | PHASE | NAME OF UNITS |
|---|---|---|
| Shri Anal A. Patel | III | Jet Fiber India Pvt. Ltd. |
| Shri Shirin Y. Parikh | III | Nisha Enterprise |
| Shri Hardik A. Garg# | III | Apex Industries |
| Shri Ankit R. Patel | IV | Nihar Enterprise |
| Shri Chetan V. Khakhria | IV | Shyam Plastic Industries |
| Shri Priyal S. Mehta | IV | Kahan Biotech Pvt. Ltd. |
| Shri Pratik S. Patel | IV | Unique Dye Chem |
| Shri Vinesh N. Patel | IV | Sajan Overseas Pvt. Ltd. |
| Shri Jigar B. Patel | IV | Patel Ice & Cold Storage |
| Shri Bhaumik S. Dalal# | IV | Siddnath Ice & Cold Storage Pvt. Ltd. |
| Shri Chinmay H. Bhuta * | IV | Alps Chemicals Pvt. Ltd. |
| Shri Krunal A. Patel * | IV | Techno Chem Industries |
| Shri Jitendra P. Patel* | IV | Gayatri Rubtech |

*# CO-OPTED MEMBERS* **SPECIAL INVITEE MEMBERS*

## Vatva Industries Association Life of President, Vice President & Hon. Secretary of VIA

| Year | President | Vice President | Hon. Secretary |
|---|---|---|---|
| 1971-1972 | Late Shri Chandrakant A. Patel | Shri Keshubhai T. Thakkar | Late Shri G. R. Patel |
| 1972-1973 | Late Shri N.G. Mavlankar | Shri Rameshbhai N. Shah | Late Shri G. R. Patel |
| 1973-1974 | Late Shri N.G. Mavlankar | Shri Rameshbhai N. Shah | Late Shri G. R. Patel |
| 1974-1975 | Late Shri N.G. Mavlankar | Late Dr. Surubhai P. Shah | Late Shri G. R. Patel |
| 1975-1976 | Late Shri N.G. Mavlankar | Late Dr. Surubhai P. Shah | Shri Nalin K. Patel |
| 1976-1977 | Shri Nalin K. Patel | Shri Amidhar M. Majmudar | Shri Hasmukh K. Gor |
| 1977-1978 | Shri Nalin K. Patel | Shri Nalin M. Shah | Shri Hasmukh K. Gor |
| 1978-1979 | Shri Nalin M. Shah | Shri Hasmukh K. Gor | Shri R. M. Dekhtawala |
| 1979-1980 | Shri Nalin M. Shah | Shri Hasmukh K. Gor | Shri R. M. Dekhtawala |
| 1980-1981 | Shri Hasmukh K. Gor | Shri Mahendra N. Patel | Late Shri Narendra M. Patel |
| 1981-1982 | Late Shri Narendra M. Patel | Late Shri Anil R. Zumkhawala | Shri Deepak R. Babaria |
| 1982-1983 | Late Shri Anil R. Zumkhawala | Shri Deepak R. Babaria | Shri Harshad A. Shah |
| 1983-1984 | Shri Deepak R. Babaria | Shri Nanubhai M. Panchal | Shri Harshad A. Shah |
| 1984-1985 | Shri Nanubhai M. Panchal | Shri Harshad A. Shah | Shri Ashish N. Soparkar |
| 1985-1986 | Shri V. S. Patel | Shri Bipin R. Patel | Shri K. T. Patel |
| 1986-1987 | Shri K. T. Patel | Shri Yogesh D. Parikh | Shri Hasmukh K. Shah |
| 1987-1988 | Shri Yogesh D. Parikh | Shri Harshad A. Shah | Shri Jasubhai P. Panchal |
| 1988-1989 | Shri Harshad A. Shah | Late Shri Rohit N. Patel | Late Shri Ashok M. Vaishnav |
| 1989-1990 | Late Shri Rohit N. Patel | Late Shri Ashok M. Vaishnav | Shri Bakool Panchal |
| 1990-1991 | Shri Bipin R. Patel | Late Shri Ashok M. Vaishnav | Shri C. C. Pandya |
| 1991-1992 | Late Shri Ashok M. Vaishnav | Shri K.D.Patel | Shri C.C.Pandya |
| | | Shri C. C. Pandya | / Shri Bakool Panchal |
| 1992-1993 | Shri K. I. Patel | Shri K. B. Patel | Shri K. D. Patel |
| 1993-1994 | Shri K. D. Patel | Shri Jasubhai P. Panchal | Late Shri Rameshbhai N. Patel |
| 1994-1995 | Shri Bhagvandas H. Patel | Late Shri Rameshbhai N. Patel | Late Shri Bhavesh G. Patel |
| 1995-1996 | Late Shri Rameshbhai N. Patel | Shri Bhupendrabhai C. Patel | Shri Vijaysinh S. Gohil |
| | | | / Shri Devang J. Naik |
| 1996-1997 | Shri C. C. Pandya | Shri Bhupendrabhai C. Patel | Shri Devang J. Naik |
| 1997-1998 | Shri C.C. Pandya | Shri Shankerbhai R. Patel | Shri Devang J. Naik |
| | | | / Shri Pankaj H. Vora |
| 1998-1999 | Late Shri Shankerbhai R. Patel | Late Shri Bhavesh G. Patel | Shri Dharmendra C. Joshi |
| 1999-2000 | Late Shri Shankerbhai R. Patel | Late Shri Bhavesh G. Patel | Shri Dharmendra C. Joshi |
| 2000-2001 | Late Shri Shankerbhai R. Patel | Shri Vijaysinh S. Gohil | Shri Dharmendra C. Joshi |
| 2001-2002 | Late Shri Bhavesh G. Patel | Shri Vijaysinh S. Gohil | Shri Kirit H. Patel |
| 2002-2003 | Shri Vijaysinh S. Gohil | Shri Dharmendra C. Joshi | Shri Kirit H. Patel |
| 2003-2004 | Shri Bhupendrabhai C. Patel | Shri Rameshbhai M. Patel | Shri Kirit H. Patel |
| 2004-2005 | Shri Kirit H. Patel | Shri Rameshbhai M. Patel | Shri Virendrasinh Sarvaiya |
| 2005-2006 | Shri Kirit H. Patel | Shri Rameshbhai M. Patel | Shri Virendrasinh Sarvaiya |
| 2006-2007 | Shri Kirit H. Patel | Shri Rameshbhai M. Patel | Shri Virendrasinh Sarvaiya |
| 2007-2008 | Shri Kirit H. Patel | LateShri Archish K. Shah | Shri Virendrasinh Sarvaiya |
| 2008-2009 | Shri Kirit H. Patel | Shri Virendrasinh Sarvaiya | Late Shri Archish K. Shah |
| 2009-2010 | Shri Kirit H. Patel | Shri Rakesh K. Patel | Late Shri Archish K. Shah |
| 2010-2011 | Late Shri Archish K. Shah | Shri Rakesh K. Patel | Shri Mihir V. Patel |
| 2011-2012 | Shri Mihir V. Patel | Shri Rakesh K. Patel | Shri Sachin K. Patel |
| 2012-2013 | Shri Mihir V. Patel | Shri Rakesh K. Patel | Shri Sachin K. Patel |
| 2013-2014 | Shri Mihir V. Patel | Shri Sachin K. Patel | Shri Prashant K. Patel |
| 2014-2015 | Shri Rakesh K. Patel | Shri Sachin K. Patel | Shri Dimple V. Patel |
| 2015-2016 | Shri Sachin K. Patel | Shri Ankit S. Patel | Shri Dimple V. Patel |
| 2016-2017 | Shri Sachin K. Patel | Shri Ankit S. Patel | Shri Dimple V. Patel |
| 2017-2018 | Shri Ankit S. Patel | Shri Dimple V. Patel | Shri Vashishth K. Vadhavana |
| 2018-2019 | Shri Ankit S. Patel | Shri Dimple V. Patel | Shri Nilesh S. Damani |
| 2019-2020 | Shri Ankit S. Patel | Shri Dimple V. Patel | Shri Nilesh S. Damani |
| 2020-2021 | Shri Dimple V. Patel | Shri Vashishth K. Vadhavana | Shri Kiran N. Patel |
| 2021-2022 | Shri Dimple V. Patel | Shri Vashishth K. Vadhavana | Shri Kiran N. Patel |
| 2022-2023 | Shri Dimple V. Patel | Shri Vashishth K. Vadhavana | Shri Kiran N. Patel |
| 2023-2024 | Shri Dimple V. Patel | Shri Vashishth K. Vadhavana | Shri Kiran N. Patel |

# વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

(Reg.No. F/10120)
સેન્ટર ઓફ એક્સેલન્સ બિલ્ડીંગ, પ્લોટ નં. ૫૧૧, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૫
ફોન : ૪૦૦૪૯૫૦૦, ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૨૨

રેફ : વીઆઈએ/૨૦૨૩-૨૦૨૪/૧૯/ઈલેક્શન/૫૧૪ તા. ૨૬-૦૬-૨૦૨૪

**વિષય : વાર્ષિક સામાન્ય સભા બાબત**

સભ્ય મિત્રો,

આપણા એસોસીએશનના ટ્રસ્ટ બંધારણની જોગવાઇ પ્રમાણે એસોસીએશનના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ની વાર્ષિક સામાન્ય સભા નીચે દર્શાવેલ સ્થળે અને સમયે દર્શાવેલ કાર્યસૂચિનો નિકાલ કરવા મળશે.

| | | |
|---|---|---|
| તારીખ | : | ૨૭-૦૭-૨૦૨૪ (શનિવાર) |
| સ્થળ | : | વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ટોરેન્ટ સેમીનાર હોલ,<br>સેન્ટર ઓફ એક્સેલન્સ બિલ્ડીંગ, પ્લોટ નં. ૫૧૧, ફેઝ-૪<br>જી.આઇ.ડી.સી. એસ્ટેટ વટવા,અમદાવાદ – ૩૮૨૪૪૫. |
| સમય | : | બપોરે ૧૨:૦૦ કલાકે |

## -: કાર્યસૂચિ :-

૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ ની ગત વાર્ષિક સામાન્ય સભાના અહેવાલને બહાલી આપવા બાબત.
૨) તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજ પૂરા થતા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના વાર્ષિક હિસાબો મંજૂર કરવા બાબત.
૩) તા.૨૬-૦૬-૨૦૨૪ ની કારોબારી સભાએ ભલામણ કર્યા પ્રમાણે ઓડિટરની નિમણુંક કરવા અને તેમને આપવા પાત્ર વેતન નકકી કરવા બાબત.
૪) વર્ષ દરમ્યાન એસોસીએશને કરેલ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલને મંજૂર કરવા બાબત.
૫) સબ્જેકટ કમિટિ સમક્ષ આવેલ દરખાસ્તોની ચર્ચા કરી તે અંગે ઘટતાં પગલાં લેવા બાબત.
૬) વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ચેરીટેબલ ટ્રસ્ટનાં માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ.
૭) સને ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષ માટેની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર કરવા બાબત.
૮) નવા વરાયેલા પ્રમુખશ્રીનું સભાને સંબોધન
૯) પ્રમુખશ્રીની મંજૂરીથી જે રજૂ થાય તે

**ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભામાં આપશ્રીને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી**

**આપના સહકારની અપેક્ષા સહ...**
**આપનો સહૃદયી.**
**વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન વતી**

**કિરણ એન. પટેલ**
**માનદ્ મંત્રી**

**નોંધ :**

૧) વાર્ષિક હિસાબોને લગતા આપશ્રીને જો કોઇ પ્રશ્નો હોય તો તે સામાન્ય સભાની તારીખના ૭ (સાત) દિવસ પહેલાં મોકલી આપવા વિનંતી.
૨) ઉપરોકત સામાન્ય સભાના સમયે ટ્રસ્ટ ડીડની જોગવાઇ પ્રમાણેનું કોરમ નહી થાય તો અડધા કલાક પછી હાજર રહેલ સભ્યશ્રીઓથી સામાન્ય સભા પોતાની કાર્યવાહી શરૂ કરશે જે દરેક સભ્યશ્રીને બંધનકર્તા રહેશે.
૩) ટ્રસ્ટ ડીડની જોગવાઇ પ્રમાણે વાર્ષિક સામાન્ય સભામાં આપશ્રીની કોઇ દરખાસ્ત, સૂચન કે કોઇ મુદ્દા અંગે વિચારણા કરવાની હોય તો વાર્ષિક સામાન્ય સભાની તારીખથી ૧૪ દિવસ પહેલા આપશ્રીના સૂચનો, દરખાસ્તો કે મુદ્દા અંગેની માહિતી સબ્જેકટ કમિટિને મોકલી આપશો સબ્જેકટ કમિટિ આપના સૂચનો, દરખાસ્તો તપાસી, જરૂર પડે આપશ્રીને સાંભળી તેમાં જરૂરી સુધારા વધારા કરી, આપશ્રીના નામે સભામાં રજૂ કરશે.
બંધારણમાં જણાવ્યા પ્રમાણે સબ્જેકટ કમિટિને કોઇપણ દરખાસ્ત, ઠરાવ, સુધારા વધારા સ્વીકાર કે અસ્વીકાર કરવાનો હક્ક છે અને તેનું કારણ જણાવવું જરૂરી નથી.

## પ્રમુખ સ્થાનેથી........

## સભ્ય મિત્રો.



વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ૫૪ માં વર્ષ ની ૨૦૨૩-૨૦૨૪ ની વાર્ષિક સામાન્ય સભામાં આપ સર્વે સભ્ય મિત્રોનું હાર્દિક સ્વાગત કરુ છું. આપ સર્વેની સંમતિથી મને જે ઉદ્દેશથી ચોથી વખત બિનહરીફ એસોસીએશનના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવેલ હતી તેને પૂર્ણ કરવા માટે અમારી ટીમ દ્વારા જે સંકલ્પ અને લક્ષ્યાંકો કરેલ તેને પુરા કરવાનો પ્રયાસ કરેલ છે.

છેલ્લા ચાર વર્ષ દરમ્યાન અમારા પદાધિકારીશ્રીઓની ટીમ તથા કારોબારી સભ્યશ્રીઓએ તેમજ પૂર્વ પ્રમુખશ્રીઓના માર્ગદર્શન હેઠળ આપ સર્વે સભ્યમિત્રોનાં સહકારથી જે કાર્ય કર્યું છે તેનો આંશિક અહેવાલ તેમજ એસોસીએશનનાં વાર્ષિક હિસાબો આપની સમક્ષ પ્રસ્તુત કરતાં હું આનંદ અને હર્ષની લાગણી અનુભવું છું.

વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા વસાહતમાં વટવા બને વૃંદાવન યોજના હેઠળ તેમજ વસાહતની એર ક્વોલીટી ઇન્ડેક્ષમાં અને ગ્રીન બેલ્ટ એરીયાના વધારા બાબતે ગ્રીન વટવા, સ્વચ્છ વટવા અભિયાન તેમજ આપણા વડાપ્રધાનશ્રીના સ્વચ્છ ભારત અભિયાન હેઠળ એસોસીએશન દ્વારા વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં વર્ષ ૨૦૧૪ થી વૃક્ષારોપણનું જે અભિયાનની શરૂઆત કરવામાં આવેલ હતી, તે અભિયાનને આ વર્ષે બીજા ૨ એટલે કે સુવર્ણવન ૭ અને ૮ બનાવવામાં આવેલ છે. જેની પ્રસ્તુતી આપની સમક્ષ કરવા જઇ રહ્યો છું.

| No. | Place | Area in Sq. Mtr. | Total Plant |
|---|---|---|---|
| 1 | VIA COE Plot No. 511, & PP Area of Bore No. 12 | 2017 | 8068 |
| 2 | **Suvarnvan 1 (Late Shri Shankerkaka Smritivan)**<br>B/s. CIPET, Phase - 4, GIDC Vatva | 9231.5 | 36926 |
| 3 | **Suvarnvan 2**<br>B/s. Mayur Dyechem, Phase - 2, GIDC Vatva | 5000 | 20000 |
| 4 | **Suvarnvan 3 A & B**<br>Near GPCB Office & Jayveer Chemicals, Phase - 4, GIDC Vatva | 2125 | 8500 |
| 5 | **Suvarnvan 4 - AMC Site**<br>TP 91, Plot No.103, Ramol Vatva, Ahmedabad | 5241 | 20964 |
| 6 | **Suvarnvan - 5**<br>Between Road L-16 & T-9, Phase - 4, GIDC Vatva | 8650 | 34600 |
| 7 | **Suvarnvan - 6 A & B**<br>Between Aero Engineers, Phase - 4, GIDC Vatva | 3622 | 16389 |
| 8 | **Suvarnvan - 7**<br>Near Indo-Col chem Phase - 2, GIDC Vatva | 5000 | 17079 |
| 9 | **Suvarnvan - 8**<br>Near R K Synthensis, Phase - 4, GIDC Vatva | 3000 | 11943 |
| 10 | **Road Side Plantation**<br>Entire GIDC | 55830 | 18610 |
| | **Total** | **99716** | **193079** |

ઉપરોક્ત જણાવેલ સુવર્ણવનોને મીયાવાંકી ટેક્નોલોજી મારફત પ્લાન્ટેશન કરેલ છે અને આ તમામ વૃક્ષોની માવજત, ઉછેર તેમજ તેની સાચવણી અને જાળવણી વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા કરવામાં આવી રહેલ છે અને આ તમામ વૃક્ષો હાલ ૪-૮ ફૂટ જેટલી ઉંચાઇના વધી ગયેલ છે અને હાલમાં આ તમામ વૃક્ષો હયાત છે. આ તમામ સુવર્ણવનનો તમામ જાળવણીનો ખર્ચ એસોસીએશન દ્વારા ભોગવવામાં આવે છે.

આ વૃક્ષારોપણના કાર્યક્રમને સફળ બનાવવા માટે આપણા એસોસીએશનના માનદ ખજાનચી શ્રી ધવલભાઇ પી. પટેલ તેમજ કારોબારી સભ્યશ્રી ચેતનભાઇ ખાખરીયા, શ્રી પ્રિયલભાઇ મહેતા, શ્રી ચિન્મય ભુતા અને તેઓની ટીમ તેમજ મારા તમામ ઓફીસ બેરર્સ દ્વારા તેમનો કિંમતી સમય ફાળવી, આ ઉપલબ્ધી હાસલ કરવા પોતાનો અમૂલ્ય ફાળો આપવા બદલ એસોસીએશન વતી તેઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા સ્થાપેલ SPV કંપની "વટવા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ લિમિટેડ" (વેલ) દ્વારા વટવા ઔદ્યોગિક વસાહતની માળખાકીય સુવિધાઓનું સંચાલન અને તેની સાચવણી જાળવણીના કાર્ય વર્ષ ૨૦૦૫ થી સુપેરે કરી રહેલ છે. જેમાં મુખ્યત્વે રોડ, સ્ટોમ વોટર ડ્રેનેજ, યુટીલીટી સર્વિસીસના મેઇન્ટેનન્સ તેમજ આ સુવિધાઓની સાચવણી અને જાળવણીની જવાબદારી પણ આપણે વેલ દ્વારા નિભાવીએ છીએ. આ ઉપરાંત વેલ ધ્વારા જીઆઇડીસી વટવા વસાહતની પાણી પુરવઠા યોજનાનું સંચાલન ૦૧.૦૪.૨૦૦૯ થી સુપેરે કરી રહેલ છીએ તેમજ આ પાણી પુરવઠા યોજનાની લાઇનો ખુબ જ ઉંડી હોઇ, રીપેરીંગ મેઇન્ટેનન્સના કામોમાં ખુબ જ સમય અને નાણાનો વ્યય થતો હોઇ, આ સંજોગોમાં નવી પાણી પુરવઠાની લાઇનો ચારેય ફેઝમાં નાંખવામાં આવેલ છે તેમજ ચારેય ફેઝમાં સ્ટ્રીટલાઇટ નેટવર્ક પણ સુપેરે ચાલી રહેલ છે.

એસોસીએશન દ્વારા વર્ષ ૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલ ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન યોજના તેમજ વસાહતમાં આવેલા આશરે ૫૫ કીમી જેટલા રોડ તેમજ માર્જીનની જગ્યાના સાફ સફાઇ તેમજ કચરો ઉપાડવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. જે યોજના સુપેરે ચાલી રહેલ છે.

આપ સૌ સુવિદિત છો કે વસાહતની આંતરમાળખાકીય સુવિધાઓ કે જે એસોસીએશન ધ્વારા બનાવવામાં આવેલ છે તેની સાચવણી અને જાળવણીની તમામ જવાબદારી આપણા સૌ ઉદ્યોગકારોની રહે છે અને આ નવા બનાવેલા ઇન્ફ્રાસ્ટ્રકચરને નુકસાન ન કરવા સમયાંતરે પરિપત્રોથી જાણ કરવામાં આવે છે અને જો તેને નુકસાન કરતા એકમો માલુમ પડશે તો તેઓની સામે દંડનીય કાર્યવાહી કરવાની રહે છે.આથી સૌ ઉદ્યોગકારોશ્રીઓને ફરીથી વસાહતના ઇન્ફ્રાસ્ટ્રકચરને સાચવણી જાળવણી કરવા હું અનુરોધ કરું છું.

આપણી વસાહતમાં ભારત સરકારશ્રી અને રાજય સરકારશ્રી દ્વારા સ્થાપવામાં આવેલ સંસ્થાઓ દ્વારા યુટિલીટી પ્રોવાઇડરનું કામ કરી રહે છે. જેવી કે BSNL, Torrent Power Ltd, Adani Gas, Reliance Jio, VI, Airtel, બીજી અન્ય ટેલીકોમ કંપનીઓ, પાણીની પાઇપલાઇન, ગ્રીનની એફલ્યુએન્ટ પાઇપ લાઇન વગેરેની સેવાઓ જી.આઇ.ડી.સી. વટવા ઔદ્યોગિક વસાહતમાં આ તમામ યુટીલીટી પ્રોવાઇડરો દ્વારા કોઇપણ પ્રકારના કામો માટે કાચા તેમજ પાકા રોડ ખોદતા પહેલાં એસોસીએશનની કચેરીથી R. O. Permission (રોડ ઓપનીંગ મંજુરી) લેવી આવશ્યક કરેલ છે. R. O. Permission લીધા વગર કામ કરનાર એજન્સી / ઉદ્યોગકારનું કામ સિક્યુરિટી દ્વારા બંધ કરાવવામાં આવે છે અને એસોસીએશન દ્વારા નક્કી કર્યા મુજબ દંડની કાર્યવાહી કરવામાં આવે છે. જેથી સૌ ઉદ્યોગકારોને વિનંતી કે તેમના કામ યુટિલીટી પ્રોવાઇડર શરૂ કરે તે પહેલાં R. O. Permission ચેક કરી એસોસીએશનને સાથ સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

## વટવા જીઆઈડીસીની માળખાકીય સુવિધાને લગતા કાર્યો

* વટવા જીઆઇડીસી વસાહતમાં ચારેય ફેઝના ડામરના રોડ નવીનીકરણ તથા પેચવર્કના કામો માટે સરવે કરવામાં આવેલ હતો. જે સરવે મુજબના તમામ કામો પૂર્ણ કરવામાં આવેલા છે અને વસાહતના તમામ રોડના ડામર રીસરફેસીંગના કામો પુરા કરેલ છે.

  વસાહતના ચારેય ફેઝ ખાતે સ્ટ્રીટલાઇટ નેટવર્કના રીપેરીંગ મેઇન્ટેનન્સની નવી એજન્સીને કોન્ટ્રાકટ આપ્યા બાદ, ચારેય ફેઝનું સ્ટ્રીટ લાઇટ નેટવર્ક સુપેરે ચાલી રહેલ છે.

* વસાહતના ચારેય ફેઝ ખાતે પાણી પુરવઠા યોજનાના નવીનીકરણના કામો પૂરા કરેલ છે. જે અંતર્ગત આપણે ચારેય ફેઝ ખાતે આવેલા તમામ ઔદ્યોગિક એકમોને હાઉસ કનેકશન આપવાના કામ પૂર્ણ કરેલ છે. તેમજ ચારેય ફેઝમાં નવી લાઇનો મારફતે પાણી પુરવઠો પુરો પાડવામાં આવી રહેલ છે આમ વસાહતમાં નવી પાણી પુરવઠાની લાઇનો નાખવાથી સતત પાણી પુરવઠો મળી રહે છે અને રીપેરીંગ મેઇન્ટેનન્સમાં ઘટાડો થયેલ છે.

  પાણી પુરવઠા યોજના અંતર્ગત તમામ બોરવેલ ઉપરના ઓટોમાઇઝેશનના કામો કરવામાં આવેલા છે, જેની મંજુરી જીઆઇડીસીમાંથી મળેલ છે અને આ ઓટોમાઇઝેશન સીસ્ટમ લગાવવાથી જયારે પણ બોરવેલ ઉપર કોઇપણ પ્રકારનું પમ્પ તેમજ પાણી લાઇનોમાં પ્રેશરનો વધારો ઘટાડો થાય કે બંધ થઇ જાય તો તેની માહિતી તુરત જ ઓફીસને મળી રહેશે. આ ઉપરાંત કુલ ૧૬ બોરવેલ પૈકી ૩ બોરવેલને સોલાર સીસ્ટમ કરવા જઇ રહેલ છીએ. આ દરેક બોરવેલ ઉપર લગભગ ૬૫ કીલોવોટની સોલાર સીસ્ટમ લગાવવામાં આવશે અને આ સીસ્ટમથી આપણા ટોરેન્ટ પાવર લીમીટેડના વીજળીના બીલોમાં ઘટાડો થશે અને લગભગ ૩ વર્ષમાં આ ખર્ચ વસુલ થઇ જશે. આજ રીતે સમયાંતરે દરેક બોરવેલને સોલાર સીસ્ટમ લગાવવાનું પણ આયોજન કરેલ છે.

* વસાહતમાં ઇન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશનના કામો અંતર્ગત સ્વચ્છતા અભિયાન હેઠળ માર્જીનની જગ્યામાં પેવર બ્લોક નાંખવાના કામ ચાલુ છે. આ યોજના અંતર્ગત વસાહતના આવેલા દરેક મુખ્ય રસ્તાઓના ચાર રસ્તા (જંકશન) પર રોડની બંને સાઇડ ઉપર આશરે ૫૦ મીટર સુધી પેવર બ્લોક નાંખવામાં આવેલ છે. ઉત્તરોત્તર તેમાં કામ કરી રહેલ છીએ.જેથી એસ્ટેટની બ્યુટીફીકેશનમાં વધારો થશે.

* વસાહતમાં કેમીકલ ઉદ્યોગો મુખ્યત્વે ફેઝ-૨ માં આવેલા છે જયાં અવાર નવાર નાના મોટા આગ અકસ્માતોના બનાવો બનતા રહે છે, આ સંજોગોને ધ્યાને લઇ, એસોસીએશન દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરની સ્થાપના માટે ફેઝ-૨ ખાતે જીઆઇડીસીના સ્ટાફ કવાર્ટસવાળી જગ્યા કે જે આશરે ૫૦૦૦ ચો.મી. જેટલી છે તેમાંથી હાલમાં ખુલ્લી જગ્યા કે જે આશરે ૩૩૫૦ ચો.મી. જેટલી છે તેની માંગણી કરેલ છે, જેનો ડીપીઆર પણ તેઓને રજુ કરેલ છે ટૂંક સમયમાં જીઆઇડીસી દ્વારા આ જગ્યાની ફાળવણી કરી દેવામાં આવશે અને જગ્યાની ફાળવણી મળ્યાબાદ આ સ્થળે Early Response Centre બનાવવા માટે કાર્યવાહી હાથે ધરવામાં આવશે.

* વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાંથી પસાર થતી ખારીકટ કેનાલ ઉપરના આવેલા બે ગરનાળાના નવીનીકરણ બાબતે એસોસીએશન દ્વારા અથાગ પ્રયત્નો કરેલ છે જેના અંતે હવે આ નવીનીકરણના કામો જીઆઇડીસી દ્વારા કરવાના થાય છે. જેમાં એસોસીએશન દ્વારા તૈયાર કરેલ ડીપીઆર જીઆઇડીસીને રજુ કરેલ છે. તેના મુજબ કામગીરી કરવા જણાવેલ છે કેમ કે તેઓના ડિપાર્ટમેન્ટ તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે પણ બ્રીજને લગતા કામો માટે અનુભવી ઇજનેરોની અછત છે અને તેઓ દ્વારા આ કામો આઉટ સોર્સીંગથી કરાવે છે. તે મુજબ આપણે આ કામ જી.આઇ.ડી.સી. ના સહયોગથી કરવાનું રહે છે. આ કામ માટે નાણાકીય સહાય માટેની નવી યોજના મુજબ જી.આઇ.ડી.સી. દ્વારા કોઇ રકમ ફાળવવામાં આવશે નહિ પરંતુ આ પ્રોજેકટના નાણાકીય સહયોગ માટે ઇન્ડસ્ટ્રીઝ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર આ યોજના માટે ૪૦ ટકા રકમ, જી.આઇ.ડી.સી., ૪૦ ટકા અને ૨૦ ટકા યુઝર કોન્ટ્રીબ્યુશન એસોસીએશન દ્વારા ભોગવવાનું રહેશે. જે મુજબ આ પ્રોજેકટના કામો કરવાનું આયોજન છે.

## ઉધોગોને લગતા કાર્યો

* રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા STRIVE Project અંતર્ગત એસોસીએશનને ઇન્ડસ્ટ્રીયલ એપ્રેન્ટીશીપ સ્કીમ હેઠળ એપ્રેન્ટીશીપની તાલીમ આપવા માટે પસંદગી કરેલ છે જે અનુસંધાને એસોસીએશન દ્વારા Industrial Cluster ની રચના કરેલ છે, જે કામગીરી સુપેરે ચાલી રહેલ છે.

* વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતના એકમોને સ્કીલ અનસ્કીલ મેનપાવર મળી રહે તે આશયથી એસોસીએશન દ્વારા અવારનવાર આઇ.ટી.આઇ. મણિનગર અને કુબેરનગર સાથે રહી ભરતીમેળાનું આયોજન કરવામા આવે છે. મણિનગર આઇટીઆઇ (વસ્ત્રાલ) દ્વારા દર માસના બીજા સોમવારે ભરતીમેળાનું આયોજન કરે છે જે થકી સ્કીલ / અનસ્કીલ વર્કરોને તેઓના અનુભવ પ્રમાણેની રોજગારી મેળવી શકે.

* આપ સર્વે વિદિત છો કે વટવા જીઆઇડીસી વસાહતમાં આવેલા ફકત ને ફકત નોન કેમીકલ એકમોના ખાળકૂવા ખાલી કરવાની કામગીરી એસોસીએશન દ્વારા ગ્રીન એન્વાર્યરોન્મેન્ટ સર્વિસીસ કો.ઓ.સોસાયટી લી. ના સહયોગથી સપ્ટેમ્બર-૨૦૨૨ થી નોમીનલ ચાર્જથી શરૂ કરેલ, જે યોજના હાલમાં સુપેરે ચાલી રહેલ છે.

* વસાહતના MSME એકમોને ZED certificate આપવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ દ્વારા નિયુકત કરેલ 'M/s. Astraleus Services Pvt. Ltd. ને નિયુકત કરેલ છે અને તેઓ દ્વારા ZED certificate ફ્રી ઓફ કોસ્ટ કાઢી આપવામાં આવે છે. આ સંસ્થાને વસાહતના એકમોમાં ZED certificate ની કાર્યવાહી કરવા માટે એસોસીએશન દ્વારા પત્ર પાઠવેલ છે અને સહકાર આપવા જણાવેલ છે.

* જીડીએમએની અધ્યક્ષતામાં ઔદ્યોગિક વપરાશમાં નેચરલ ગેસ વાપરતા ૨૫૦ જેટલા એકમોના પ્રતિનિધિશ્રીઓ તેમજ અમદાવાદ શહેરની અંદર આવેલ જીઆઇડીસી ઔદ્યોગિક એસોસીએશનોના પ્રતિનિધિશ્રીઓની મીટીંગોનું આયોજન વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ખાતે યોજવામાં આવેલ હતુ. આ ઔદ્યોગિક એકમોને Adani Total Gas Ltd ખાનગી કંપની દ્વારા ઔદ્યોગિક વપરાશ માટે ગેસ પૂરો પાડવામાં આવે છે. જેનો ભાવ કેન્દ્ર સરકારશ્રીએ ઘટાડો કરવામાં આવેલ હોવા છતા પણ આ ઘટાડાનો લાભ કંપની દ્વારા ઉદ્યોગોને આપવામાં આવતો ન હતો જે અનુસંધાને ૩-૪ મીટીંગો યોજેલ અને અંતે તેઓ દ્વારા ભાવમાં ઘટાડો કરવાની બાંહેધરી આપેલ હતી. આ કામ માટેની સહયોગી સંસ્થાઓ, GDMA, VIA, NIA, OIA, GESCSL, NEPL, OEPL, NOVEL હતા..

* એસોસીએશનના પૂર્વ પ્રમુખશ્રી સચિનભાઇ પટેલ દ્વારા VIBRANT GUJARAT JANUARY - 2024 સંદર્ભે રૂા.૨૮ કરોડના MOU મે. સચિન ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ વતી માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવેલ.

## મુખ્ય સામાજીક કાર્યો

* તા.૦૪.૦૧.૨૦૨૪ ના રોજ અમદાવાદ પૂર્વ ડે.પોલીસ કમિશનરશ્રી ટ્રાફીક શ્રી સફીન હસીન (IPS), એસોસીએશનની મુલાકાતે આવેલ હતાં, જેમાં પૂર્વ વિભાગના અન્ય એસોસીએશનના હોદેદારોએ પણ ભાગ લીધેલ હતો., જેમાં ચર્ચા થયા પ્રમાણે એસોસીએશન દ્વારા ૨૦૦૦ જેટલા હેલ્મેટનુ નાણાકીય યોગદાન આપવામાં આવેલ હતું. જે અનુસંધાને તા.૦૪.૦૪.૨૦૨૪ ના રોજ અમદાવાદ શહેરના પૂર્વ વિભાગના ડે. કમિશનર ઓફ પોલીસ (ટ્રાફીક) શ્રી સફીન હસન (IPS) અને વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના સહયોગથી અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓને ટ્રાફીકની જાણકારી આપવા અને અકસ્માતો ઓછા થાય, લોકો દ્વારા ટ્રાફીકના નિયમનોનું પાલન થાય તે હેતુથી હેલ્મેટ વિતરણ કરેલ હતું. આ ઉપરાંત ડીસીપીશ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ હતી, ઘણા ડ્રાઇવરોનું ડ્રાઇવીંગ ખૂબ જ ખરાબ હોય છે. જેના લીધે રોડ ફેટલના બનાવો વધી રહેલ છે. આ સંજોગોમાં વસાહતમાંથી પસાર થતાં દરેક વાહનોના ડ્રાઇવરોનું આઇ ચેકઅપ કેમ્પ કમ્પલસરી કરવાનું એક આયોજન કરવા જણાવેલ હતું. જે અનુસંધાને એસોસીએશન દ્વારા રોટરી કલ્બની સાથે ચર્ચા વિચારણા કરેલ છે અને તેઓ દ્વારા ટૂંક સમયમાં આઇ ચેકઅપનું આયોજન એસોસીએશન ખાતે કરવાં આયોજન કરેલ છે.
* એસોસીએશન દ્વારા છેલ્લા ૨ વર્ષથી જનવિકાસ સંસ્થા Social Compact યોજના હેઠળ Workers Facilitation સેન્ટર વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના સહયોગથી ચલાવવામાં આવે છે. આ સંસ્થા દ્વારા વટવા જીઆઇડીસી વસાહતમાં કામ કરતા કામદારો / કારીગરો માટે રાજય સરકારશ્રી દ્વારા કરવામાં આવતી વેલફેર યોજનાની માહિતીઓને આપ લે કરે છે તેમજ આ સંસ્થા વસાહતમાં આવેલા એકમોના સ્થળે જઇને ઇન્ડસ્ટ્રીયલ ફાયર સેફટી અંગેની ટ્રેનીંગ અને હેલ્થ કેમ્પનું આયોજન પણ કરવામાં આવે છે અને જે કર્મચારીઓ આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં હાજર રહી, ટ્રેનીંગ મેળવે છે તેવા કર્મચારીઓને ફાયર સેફટી અને હેલ્થનું સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવે છે.
* માહે મે –૨૦૨૪ માસના ઉનાળાની કાળઝાળ ગરમીમાં કારીગરો તેમજ રાહદારીઓને ગરમીથી રાહત મળે તે માટે એસોસીએશન દ્વારા વસાહતના અલગ અલગ સ્થળેથી મફત છાશ વિતરણ તેમજ ઠંડા પીવાના પાણીના જગની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.
* અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના સહયોગથી જીઆઇડીસી વટવા અને તેના આજુબાજુના વિસ્તારમાં હાલમાં ટીબીના ૨૦૦ જેટલા દર્દીઓની ઓળખ અ.મ્યુ.કો. દ્વારા કરીને તેઓને પ્રાથમિક સારવાર તેમજ દવાઓ પુરી પાડવામાં આવે છે અને તેઓને સાત્વીક ખોરાક પેટે એસોસીએશન દ્વારા સમયાંતરે રાશન કીટની ફાળવણી કરવામાં આવે છે અને આગામી ડિસેમ્બર – ૨૦૨૪ સુધી પ્રોટીન યુકત રાશન કીટ એસોસીએશન દ્વારા આપવાનું નક્કી કરેલ છે.
* વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા વટવા બને વૃંદાવન યોજના હેઠળ વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં ચારેય ફેઝમાં કુલ ૮ સુવર્ણવન મીયાવાકી ટેકનોલોજીથી વન બનાવવામાં આવેલ છે તેમજ સુવર્ણવન ૯ ના વૃક્ષારોપણના કામો હાલમાં પ્રગતિમાં છે તેમજ રોડ સાઇડની માર્જીનની જગ્યામાં પણ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે આમ વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં બે લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. વસાહતના ગ્રીન બેલ્ટના વધારા માટે આ અભિયાન ચાલુ રહેશે.
* એસોસીએશન દ્વારા ચલાવવામાં આવતુ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પીટલ જે હાલમાં ફેઝ-૧ માં કાર્યરત છે આપણી આ હોસ્પિટલ ખાતે ૮૦-જી અને CSR યોજના હેઠળના લાભોની માહિતી તેમજ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા વિવિધ રોગોમાં આપવામાં આવતી સુવિધાઓની માહિતી એસોસીએશન દ્વારા વસાહતના ઉદ્યોગકારોને પરિપત્ર, વોટસઅપ, તેમજ ઇ-મેઇલથી જાણ કરેલ છે. જે ઉદ્યોગકારોને CSR યોજના હેઠળ ડોનેશન આપવું હોય, તો હોસ્પીટલનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.
* એસોસીએશન દ્વારા ઇન્ડિયન રેડક્રોસ સોસયટી, અમદાવાદના સહયોગથી લોકલાડીલા વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીના ૭૩ માં જન્મદિનની ઉજવણી નિમિતે વસાહતમાં તા. ૧૧.૦૯.૨૦૨૩ થી તા.૧૬.૦૯.૨૦૨૩ સુધી એક સાપ્તાહિક સ્વૈચ્છિક રકતદાન શિબિર યોજવામાં આવેલ જેમાં વિક્રમજનક ૧૪૦૧ જેટલા રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવેલ હતું. આ બાબતે રેડ ક્રોસ સોસાયટી દ્વારા સ્મૃતિચિહ્ન તેમજ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, દ્વારા વટવા જીઆઇડીસી એસ્ટેટના તમામ ઉદ્યોગકારોને તેમજ રકતદાતાઓને હાર્દિક અભિનંદન પાઠવેલ હતાં. તેમજ એસોસીએશન દ્વારા જે એકમોમાંથી ૨૫ થી વધુ રકતદાતાઓ દ્વારા રકતદાન કરેલ હતું જેમનું બહુમાન પણ કરવામાં આવેલ હતું.

સમગ્ર વર્ષ દરમ્યાન એસોસીએશનની વિવિધ પ્રવૃત્તિઓમાં મને સાથ અને સહકાર આપી, કાર્ય કરવા બદલ એસોસીએશનના ઉપ-પ્રમુખશ્રી વશિષ્ઠ કે.વઢવાણા, માનદ મંત્રીશ્રી કિરણ એન.પટેલ, સહ માનદ મંત્રી શ્રી હિતેશ બી.પટેલ, માનદ ખજાનચીશ્રી ધવલ પી.પટેલ. સહ માનદ ખજાનચીશ્રી કીમીલ કે.પટેલ, તત્કાલીન પૂર્વ પ્રમુખશ્રી અને વેલના ચેરમેનશ્રી અંકિત એસ.પટેલ તથા સર્વ કારોબારી સભ્યોના કાર્યપ્રદાનની નોધ લઇ તેમનો આભાર વ્યકત કરું છુ

વર્ષ દરમ્યાન એસોસીએશનની કામગીરીમાં જરૂરી માર્ગદર્શન આપી સહયોગ આપવા બદલ પૂર્વ પ્રમુખશ્રીઓ સર્વશ્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ,  શ્રી કિરીટભાઇ પટેલ, શ્રી મિહિરભાઇ પટેલ, શ્રી સચીનભાઇ પટેલ, શ્રી રાકેશભાઇ પટેલ તથા તત્કાલીન પૂર્વ પ્રમુખશ્રી અંકિતભાઇ પટેલનો આભારી છું.

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના કાર્યકાળ દરમ્યાન અમદાવાદ કેમીકલ કલસ્ટરની નોવેલ સ્પેન્ટ એસીડના વટવા,ઓઢવ, નરોડાના તમામ ડાયરેકટરશ્રીઓ તેમજ વટવા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ લિમિટેડ ના તમામ ડાયરેકટરશ્રીઓ દ્વારા મળેલ સાથ અને સહકાર બદલ હું તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

સમગ્ર વર્ષ દરમ્યાન દરેક કાર્યમાં સાથ સહકાર આપવા બદલ દરેક પૂર્વ પ્રમુખશ્રીઓ અને ધી ગ્રીન એન્વાયરોનમેન્ટ સર્વિસીસ કો.ઓ.સો.લી ના ચેરમેનશ્રી રમેશભાઇ પટેલ તથા સર્વ ડાયરેકટરશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આપણા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત હોસ્પીટલની રોજબરોજની કાર્યવાહી સુપેરે ચલાવવા બદલ તેના ટ્રસ્ટીશ્રીઓનો હું આભાર માનું છું.

સમગ્ર વર્ષ દરમ્યાન વસાહતની માળખાકીય સુવિધાઓ તથા અન્ય પ્રશ્નોમાં ખુબ જ સહયોગ આપવા બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રી, મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી, મ્યુનિસિપલ વિપક્ષ નેતાશ્રી, ડે. કમિશ્નરશ્રીઓ તથા અધિકારીશ્રીઓએ ખુબ જ સાથ અને સહકાર આપેલ છે તેમનો વસાહતના દરેક ઉદ્યોગકાર વતી આભારી છું.

સમગ્ર વર્ષ દરમ્યાન વટવા ઔદ્યોગિક વસાહતના ઉદ્યોગકારોના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ થવા બદલ કેન્દ્ર અને રાજય સરકારના મંત્રીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, જીઆઇડીસીના વી.સી.એમ.ડી.,ચીફ એન્જીનિયરશ્રી,એકિઝ. એન્જીનીયરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી વટવાના તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટાયેલી પાંખના પ્રતિનિધિશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, વિવિધ એસોસીએશન તથા મહાજનોના પદાધિકારીશ્રીઓ, પત્રકાર અને મીડીયાના પ્રતિનિધિશ્રીઓ વગેરે જેમણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ સહકાર આપેલ છે તે તમામનો આ તબક્કે નામ જોગ ઉલ્લેખ કરી શકતો નથી પરંતુ તેમના સહકારની નોંધ લઇ સર્વનો આભાર માનું છું.

વેલના પ્રોજેકટ કોઓર્ડીનેટર શ્રી મિલિન્દ દેસાઇ,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મે.દિવ્યેશ એચ.શાહ એન્ડ કું (વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન તથા વટવા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ લીમીટેડ) તથા સ્ટાફના સભ્યોનો તેમને સોંપવામાં આવેલ કામગીરી ખુબજ જવાબદારી પૂર્વક નિભાવેલ છે તે બદલ સર્વ ના કામની નોંધ લઇ તેમના કાર્યને બિરદાવું છું.

એસોસીએશનની રોજબરોજની કાર્યવાહી ખૂબ જ ખંતથી નિભાવવા માટે એસોસીએશનના એકિઝકયુટિવ સેક્રેટરી શ્રી વી.બી.શેઠ, તેમજ આસી.એકિઝ.સેક્રટરીશ્રી રૂપેશભાઇ ઝવેરી, એકાઉન્ટન્ટશ્રી જયેશભાઇ આનંદપરા, આસી એન્જીનીયરશ્રી આકાશ રાવલ, શ્રી ચિરાગ પંચાલ તથા સર્વ સ્ટાફ શ્રી સુનીલભાઇ પટેલ, શ્રી અશોકભાઇ પટેલ, શ્રી ઇન્દુભાઇ પટેલ,શ્રી જીગર મેકવાન, શ્રી જયમીન પરમાર, શ્રી ડી.એન.સીંગ તેમજ ઓફીસબોય શ્રી રાકેશ રાઠોડ, શ્રી દશરથ રાઠોડ, શ્રી હર્ષદ પારેખ, શ્રી ચિરાગ વડોદરીયા, શ્રી મોહન વણઝારા તથા શ્રી અર્જુન વણઝારા અને દરેક બોર ઓપરેટર સ્ટાફ મેમ્બર્સના પ્રયત્નોની નોંધ લઇ બિરદાવું છું.

આ વર્ષના મારા કાર્યકાળ દરમ્યાન એસોસીએશનના સભ્યશ્રીઓ અને વસાહતના સર્વ ઉદ્યોગકારોનો મને સાથ અને સહકાર મળેલ છે તે બદલ હું તેમનો ઋણી છું.

આભાર સહ,

જય જય ગરવી ગુજરાત.....
જય હિન્દ....

**ડિમ્પલ વી. પટેલ**
**પ્રમુખ**

# વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

(Reg.No. F/10120)
સેન્ટર ઓફ એક્સેલન્સ બિલ્ડીંગ, પ્લોટ નં. ૫૧૧, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૫
ફોન : ૪૦૦૪૯૫૦૦, ૫૦૧, ૫૦૨, ૫૦૩, ૫૨૨

## સને ૨૦૨૨-૨૦૨૩ની ૫૩માં વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ :

સને ૨૦૨૨-૨૦૨૩ ની ૫૩ મી વાર્ષિક સામાન્ય સભા તા.૩૧-૦૭-૨૦૨૩ ને સોમવારના રોજ ટ્રસ્ટ ડીડ ની જોગવાઇ પ્રમાણે અગાઉથી મોકલી આપેલ નોટીસ મુજબ બપોરના ૧૨:૦૦ કલાકે નોન કોરમ થતાં, માનદ મંત્રીશ્રી કિરણ એન.પટેલે સભાને આ બાબતે માહિતી આપેલ અને જણાવેલ કે અડધા કલાક બાદ મીટીંગ શરૂ કરવામાં આવશે. આ સામાન્ય સભા પ્રમુખશ્રી ડિમ્પલ વી.પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ. માનદ મંત્રીશ્રી કિરણ એન.પટેલ દ્વારા સભાની શરૂઆત કરવામાં આવેલ હતી.

વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનની વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના ૫૩ માં વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેલ સર્વે ઉદ્યોગકારશ્રીઓ / સભ્યમિત્રશ્રીઓ અને અમારા આમંત્રણને માન આપી આજની વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભામાં પધારેલ સૌ મહેમાનાનું હું એસોસીએશન વતી સર્વેનું હાર્દિક સ્વાગત કરુ છું.

આજની સભાની શરૂઆત કરતા પહેલા હું પ્રમુખશ્રી ડિમ્પલ પટેલને આજની સભામાં સ્વાગત પ્રવચન આપવા આમંત્રણ આપુ છું.

વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ૫૩ માં વર્ષની ૨૦૨૨-૨૦૨૩ ના મારા ઓફીસ બેરર્સ, મારા કમીટી સભ્યો, આપણા એસોસીએશનના પૂર્વ પ્રમુખશ્રીઓ, અને ઉદ્યોગકારો મિત્રો, અને અમારા આમંત્રણને માન આપી પધારેલ સર્વે મહેમાનશ્રીઓનું ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયેલા હોઇ, આ આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે, હું આજની સભામાં આપ સર્વેનું હાર્દિક સ્વાગત કરું છું.

આજની એસોસીએશનની આ વાર્ષિક સામાન્ય સભામાં, હું એસોસીએશનના પૂર્વ પ્રમુખ અને વટવા જીઆઇડીસીના મોભી સ્વ.શ્રી શંકરકાકાને આ પ્રસંગે હું યાદ કરું છુ. સ્વ.શ્રી શંકરકાકાને યોગ્ય સન્માન મળી રહે તે માટે પૂર્વ ગૃહપ્રધાનશ્રી ગુજરાત રાજય તેમજ વટવા વિધાનસભાના પૂર્વ ધારાસભ્યશ્રી શ્રી પ્રદિપસિંહજી જાડેજાના વરદ હસ્તે રામોલ ચાર રસ્તાનું નામાભિધાન સ્વ.શ્રી શંકરકાકા ચોક તરીકે અનાવરણ કરેલ, તે બદલ વટવા જીઆઇડીસી વસાહતના તમામ ઉદ્યોગકારો તેમજ વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન વતી આજની વાર્ષિક સામાન્ય સભામાં હું ગુજરાત સરકારશ્રી તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો આભાર વ્યકત કરું છું.

સ્વ.શ્રી શંકરકાકાના સ્મૃતિમાં એસોસીએશન દ્વારા વર્ષ ૨૦૨૧ માં સ્વ.શ્રી શંકરકાકા સ્મૃતિવન સુવર્ણવનનો પ્રારંભ કરી, વટવા જીઆઇડીસી વસાહતમાં માનનીય સરકારશ્રીના આદેશાનુસાર ગ્રીન બેલ્ટના વધારા માટે એસોસીએશન દ્વારા વટવા બને વૃંદાવન યોજના હેઠળ ખુબ જ અથાગ પ્રયત્નો કરવામાં આવી રહેલ છે જે અંતર્ગત આપણે વસાહતમાં ૬ જેટલા સુવર્ણવનો કાર્યરત કરેલ છે. ગત વર્ષ સુધીમાં એસોસીએશન દ્વારા ૧ લાખ ૧૧ હજાર જેટલા વૃક્ષોનું વાવતેર કરેલ અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ૫૦ હજાર જેટલા બીજા વૃક્ષોનું વાવતેર કરી, વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં લગભગ ૧ લાખ ૬૧ થી વધુ વૃક્ષોનું વાવેતર કરેલ છે જે બધાજ વૃક્ષો હાલ ૩ થી ૭ ફૂટ જેટલા ઉંચાઇમાં વધી ગયેલ છે. જેની સાચવણી, જાળવણીની તમામ જવાબદારી એસોસીએશન દ્વારા કરવામાં આવી રહેલ છે.

એસોસીએશન દ્વારા ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી તા ૦૭.૦૯.૨૦૨૨ સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન એસોસીએશન ખાતે કરવામાં આવેલ હતું. જેમાં વિક્રમજનક ૧૩૨૦ જેટલા રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવેલ હતું. આ બાબતે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા એસોસીએશનને સ્મૃતિચિહ્ન પણ એનાયત કરવામાં આવેલ છે તેમજ આપણા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દભાઇ પટેલ દ્વારા પણ આપણા એસોસીએશનને શુભેચ્છાપત્ર પણ પાઠવેલ છે.

આ સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કાર્યક્રમને સફળ બનાવવા વટવા વસાહતના ઉદ્યોગકારો અને મારા કમીટી સભ્યોની મહેનતને હું આ પ્રસંગે બીરદાવું છું

અને આ પ્રસંગે વટવા જીઆઇડીસીના ઉદ્યોગકારો અને તેમના એકમમાં કામ કરતા કામદારો, કર્મચારીઓને એસોસીએશન ખાતે મોકલી બ્લડ ડોનેશન કરાવેલ છે.

તેવા તમામ ઉદ્યોગકારો તેમજ મારી કમીટી સભ્યશ્રીઓ જે સાથ અને સહકાર આપેલ છે તેઓ સર્વેનો હું આભારી છું.

મારા અત્યાર સુધીના વર્ષોમાં અને ચાલુ વર્ષના એસોસીએશનના કાર્યકાળ દરમ્યાન મંચસ્થ પૂર્વ પ્રમુખશ્રીઓએ મને સાથ અને સહકાર આપેલ છે અને મને વિશ્વાસ છે કે વર્ષ દરમ્યાન મને જ્યાં જરૂરીયાત ઊભી થઇ છે ત્યા પૂર્વ પ્રમુખશ્રીઓ મને માર્ગદર્શન પૂરુ પાડેલ છે તે બદલ હું તેમનો આભાર વ્યક્ત કરું છું.

સમગ્ર વર્ષ દરમ્યાન એસોસીએશનની વિવિધ પ્રવૃતિઓ તેમજ રોજબરોજના કામગીરી માટે ઉપપ્રમુખશ્રી વશિષ્ઠ વઢવાણા, માનદ મંત્રીશ્રી કિરણ પટેલ, સહ માનદ મંત્રીશ્રી હિતેશ પટેલ, માનદ ખજાનચશ્રી અંકિત આર.પટેલ, સહ માનદ ખજાનચશ્રી કીમીલ પટેલ જેઓશ્રીઓએ વર્ષ દરમ્યાન જે ખભેથી ખભા મળાવી જે કાર્યભાર સંભાળ્યો છે, તથા મારા પૂર્વ પ્રમુખશ્રી અંકિતભાઇ પટેલ, શ્રી મિહિરભાઇ પટેલ, શ્રી સચિનભાઇ પટેલ અને અન્ય પૂર્વ પ્રમુખશ્રીઓએ જે મને સાથ સહકાર આપ્યો છે તે બદલ તેમનો ખૂબ જ આભારી છુ અને એસોસીએશનના ઓફીસ સ્ટાફમાં શ્રી મિલિન્દભાઇ, શ્રી વી.બી.શેઠ , શ્રી રૂપેશભાઇ ઝવેરી અને અન્ય સ્ટાફ મેમ્બરોએ જે કાર્યકુશળતા બતાવેલ છે. તે બદલ તેમનો પણ હું આભારી છું.

ત્યારબાદ પ્રમુખશ્રીએ માનદ મંત્રીશ્રી કિરણ એન.પટેલને સભાની શરૂઆત એજન્ડા મુજબ કરવાની ભલામણ કરેલ હતી.

માનદ મંત્રીશ્રી કિરણ એન.પટેલે વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનની વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના ૫૩ માં વાર્ષિક સામાન્ય સભામા આપણા આજના અતિથિશ્રીઓનુ આજની સભામાં સ્વાગત કરેલ હતું જેની વિગત નીચે મુજબ છે.

૧) આપણા એસોસીએનના પૂર્વ પ્રમુખશ્રી મિહિરભાઇ પટેલ ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે વાઇસ પ્રેસીડન્ટ તરીકે વરણી થયેલ છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

માનનીયશ્રી મિહિરભાઇ પટેલનું બહુમાન, પ્રમુખશ્રી ડિમ્પલ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.

૨) આપણા એસોસીએનના પૂર્વ માનદ મંત્રીશ્રી પ્રશાંતભાઇ પટેલ કે જેમની ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે રીજીયોનલ સેક્રેટરી તરીકે વરણી થયેલ છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

માનનીયશ્રી પ્રશાંતભાઇ પટેલનું બહુમાન, ઉપપ્રમુખશ્રી વશિષ્ઠ કે.વઢવાણા દ્વારા કરવામાં આવેલ હતું.

આ વર્ષે શહેરના વિવિધ ઔદ્યોગિક સંગઠનોમાં નીચે મુજબના મહાનુભાવોની પ્રમુખ કે ચેરમેન તરીકે વરણી થઇ છે જેમની નોંધ આજની વાર્ષિક સામાન્ય સભામાં લઇએ છીએ.

૧) આપણા એસોસીએશનના તત્કાલીન પૂર્વ પ્રમુખશ્રી અને વેલના ચેરમેનશ્રી અંકિતભાઇ પટેલનું કેમેક્ષીલ નોર્થ રીજીયનના ચેરમેન તરીકે ફરીથી આ વર્ષ માટે પણ વરણી થયેલ છે.

૨) આપણા એસોસીએનના સભ્ય એકમ મે. એમટેક્ષ ઇન્ડસ્ટ્રીઝના શ્રી રમેશભાઇ પટેલની ધી ગ્રીન એન્વાયરોનમેન્ટ સર્વિસીસ કો.ઓપ.સોસાયટી લી. જીઆઇડીસી વટવાના ચેરમેન તરીકે ફરીથી વરણી થયેલ છે.

૩) આપણા એસોસીએનના પૂર્વ પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનું નોવેલ સ્પેન્ટ એસિડ મેનેજમેન્ટ, જીઆઇડીસી વટવાના ચેરમેન તરીકે અને કેમેક્ષીલ Western Region ના Chairman તરીકે આ વર્ષ માટે ફરીથી વરણી થયેલ છે.

૪) આપણા એસોસીએશનના સભ્ય એકમ મે. આલ્પસ કેમીકલ્સ પ્રા. લી.ના શ્રી હરેશભાઇ ભુતાની જી.ડી.એમ.એ ના પ્રમુખ તરીકે આ વર્ષ માટે ફરીથી વરણી થયેલ છે

૫) આપણા એસોસીએશનના મેમ્બર તેમજ જેનીક ઇન્ડસ્ટ્રીઝના શ્રી રમણભાઇ પટેલની સોસાયટી ફોર કલીનની અર્થના ચેરમેન તરીકે આ વર્ષ માટે ફરીથી વરણી થયેલ છે.

૬) આપણા એસોસીએશનના પૂર્વ પ્રમુખશ્રી સચીનભાઇ પટેલની ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૩-૨૪ માં કારોબારી સભ્ય તરીકે આ વર્ષ માટે ફરીથી વરણી થયેલ છે.

૭) આપણા એસોસીએશનના સભ્ય એકમ મે. એસેન્ટ ફાઇન કેમના શ્રી અનિલભાઇ જૈનનું જી.ડી.એમ.એ ના ઉપપ્રમુખ તરીકે આ વર્ષ માટે વરણી થયેલ છે

૮) આપણા એસોસીએશનના મેમ્બર તેમજ મે.સુદિપ ઇન્ડસ્ટ્રીઝના શ્રી અતુલ કાનુગાનું ગુજરાત સ્ટેટ પ્લાસ્ટીક મેન્યુફેક્ચરીંગ એસોસીએશનના પ્રમુખ તરીકે આ વર્ષ માટે ફરીથી વરણી થયેલ છે

આ તમામ મહાનુભાવોની વરણી એ આપણા સૌ માટે ગૌરવની વાત છે.જેની નોંધ લઇ આજની સભામાં સર્વને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

સમગ્ર વર્ષ દરમ્યાન એસોસીએશનની વિવિધ પ્રવૃતિઓ માટે તેમજ રોજ બરોજની કામગીરી માટે ઓફીસ બેરર્સ તથા તમામ કમિટી સભ્યશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રીઓ તથા શુભેચ્છકોના સાથ સહકાર બદલ આભાર માની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

### કાર્યસુચી : ૧

માનદ મંત્રીશ્રી કિરણ એન.પટેલે જણાવેલ કે તા.30-0૭-૨૦૨૨ ની ગત વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ (AGM) જે સભ્યશ્રીઓને અગાઉથી ઓનલાઇન એસોસીએશનની વેબસાઇટ મારફત મોકલી આપેલ હતો તેને વંચાણમાં લઇ, આપ સર્વને બહાલી આપવા જણાવું છું. આ અહેવાલને સર્વ સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી.

### કાર્યસુચી : ૨

સહ માનદ ખજાનચીશ્રી કીમિલ કે. પટેલે સભાને જણાવેલ કે સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના ઓડીટેડ વાર્ષિક હિસાબો જે ચાર્ટડ એકાઉન્ટન્ટ મે.દિવ્યેશ એચ.શાહ એન્ડ કું. દ્વારા ઓડીટ કરેલ હતા તે હિસાબો સર્વ સભ્યશ્રીઓને ઓનલાઇન એસોસીએશનની વેબસાઇટ ઉપરથી મળી ગયેલ હશે. તેની મંજૂરી માટે રજુઆત કરતાં સર્વસભ્યોએ સર્વાનુમતે હિસાબોને બહાલી આપેલ હતી.

### કાર્યસુચી : ૩

સહ માનદ ખજાનચીશ્રી કીમિલ કે. પટેલે સભાને તા.૦૫-0૭-૨૦૨૩ ની ટ્રસ્ટી મંડળની સભાએ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે ભલામણ કર્યા પ્રમાણે ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી દિવ્યેશ એચ.શાહ એન્ડ કું. ના નામની ઓડીટર તરીકેની નિમણુંક અંગેની દરખાસ્તને સમગ્ર સભાએ બહાલી આપી અને તેમને આપવા પાત્ર મહેનતાણુ નકકી કરવા નવા ટ્રસ્ટી મંડળની સભાના પદાધિકારીશ્રીઓને સત્તા આપવામાં આવી.

### કાર્યસુચી : ૪

સને ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન એસોસીએશન દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓનો અહેવાલ વાર્ષિક અહેવાલમાં કરેલ છે. અને એસોસીએશનની વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે. પરંતુ વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં કરવામાં આવેલ અમુંક મુખ્ય કાર્યોને હું આપની સમક્ષ સંક્ષિપ્તમાં મૂકવા માંગુ છું.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન **1267** સભ્યોનું સંખ્યાબળ ધરાવે છે અને વર્ષ દરમ્યાન **25** નવા સભ્યશ્રીઓએ નવું સભ્યપદ મેળવેલ છે.

વર્ષ દરમ્યાન એસોસીએશનની મુખ્ય કાર્યવાહી ટૂંકમાં પ્રસ્તુત કરુ તો,

વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિતે  તા.07.06.2023 ના રોજ વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં પ્લાન્ટેશન ડ્રાઇવ, ગ્રીન એન્વાયરોનમેન્ટ સોસયટી, નોવેલ સ્પેન્ટ એસીડ અને સોસાયટી ફોર કલીન અર્થના સહયોગથી વસાહતમાં યોજવામાં આવેલ હતો.  જેમાં જીપીસીબીના રીજીયોનલ ઓફીસરશ્રી પૂર્વ ઝોનના વરદ હસ્તે સુવર્ણવન ૭ અને ૮, ફેઝ-૨ ખાતે પ્લાન્ટેશન ડ્રાઇવ શરૂ કરવામાં આવેલ હતી. જેમાં આશરે 30 હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે. આ કામ પુરા કરવાથી બે વર્ષમાં એસોસીએશન દ્વારા કુલ ૨૦૦૦૦૦ (બે લાખ) વૃક્ષોના વાવતેરના કામો પૂર્ણ કરવામાં આવશે.

આપ સર્વ વિદિત હશો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખાળકૂવા ખાલી કરવાની સુવિધા ગત વર્ષે લગભગ મે/જુન-૨૦૨૨ માસથી તાત્કાલીક અસરથી બંધ કરેલ જે અનુસંધાને એસોસીએશન દ્વારા વસાહતમા સપ્ટેમ્બર-૨૦૨૨ માસથી ફકત નોન કેમીકલ ઉદ્યોગોના ખાળકૂવા ખાલી કરવાની સુવિધા ગ્રીન એન્વાયરોનમેન્ટ સર્વિસીસ કો.ઓ. સોસાયટી લી.ના સહયોગથી શરૂ કરેલ છે જે હાલ સુપેરે ચાલી રહેલ છે.

| | |
|---|---|
| ડિપોઝીટ પેટે | - રૂ.૨૫૦૦/- એક વખત, |
| પ્રતિ ટેન્કર દીઠ | - રૂ.૧૦૦૦/- (સભ્યો માટે) |
| પ્રતિ ટેન્કર દીઠ | - રૂ.૧૭૫૦/- (નોન મેમ્બર માટે) |

### કોર્પોરેશનને લગતી બાબતો

વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી વટવા જીઆઇડીસી અને તેના આજુબાજુના વિસ્તારમાં રહેતા ૨૦૦ ટીબીના દર્દીઓ કે જેમની ઓળખ કોર્પોરેશન દ્વારા કરેલ છે. જેમને એસોસીએશન તરફથી પ્રોટીનયુકત કઠોળની કીટ આપવાનું નક્કી કરેલ છે, જે અંતર્ગત આપણે ૮૦૦ જેટલી પ્રોટીન યુકત રાશન કીટ નું વર્ષ દરમ્યાન વિતરણ કરેલ છે.

### જીઆઈડીસીને લગતી બાબતો

વર્ષ દરમ્યાન જીઆઇડીસી રીજીયોનલ મેનજેરશ્રી, કાર્યપાલક ઇજનેર શ્રી,ડે.એકિઝ. એન્જીનીયરશ્રી સાથે વસાહતના પડતર પ્રશ્નો માટે ૪ જેટલી મીટીંગ કરવામાં આવેલ હતી.

### જીપીસીબીને લગતી બાબતો

જીપીસીબી, અમદાવાદ પૂર્વ દ્વારા વટવા, ઓઢવ, નરોડા અને નારોલ જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતના ઉદ્યોગકારોના પ્રર્વતમાન પ્રશ્નોના નીરાકરણ માટે તેમજ પર્યાવરણ જાગૃતિ માટે સમયાંતરે ઓપન હાઉસનું આયોજન કરે છે જે અંતર્ગત આ વર્ષે લગભગ ૪ જેટલા સેમિનાર વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ખાતે યોજવામાં આવેલ. તેમજ જીપીસીબી અમદાવાદ પૂર્વના સહયોગથી એસોસીએશન ખાતે મે. e-coil waste Management Pvt. Ltd. સાબરમતી, અમદાવાદ દ્વારા ઇ-વેસ્ટ કલેકશનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં વટવા જીઆઇડીસી વસાહતમાંથી આશરે ૨૦૦ કીલો જેટલો ઇ-વેસ્ટ એકત્રીત કરવામાં આવેલ હતો.

આ બાબતે એસોસીએશન, જીપીસીબી અમદાવાદ પૂર્વના સહયોગથી એસોસીએશન ખાતે ઇ-વેસ્ટ કલેકશન માટે એક વર્કશોપ અને પ્રેઝન્ટેશન શ્રી પ્રકાશભાઇ વાઘેલા, ડાયરેકટર, ઇ-કોઇલ વેસ્ટ મેનેજમેન્ટ પ્રા.લી. દ્વારા યોજવામાં આવેલ જેમાં ઉદ્યોગકારો દ્વારા બહોળી સંખ્યામાં લાભ લીધેલ હતો.

આ ઉપરાંત જીપીસીબી, અમદાવાદ પૂર્વ, વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને ગ્રીન અનવાર્યરોન્મેન્ટ સર્વિસ કો ઓ. સોસાયટી લી.ના સહયોગથી માનવતાની દિવાલ યોજના હેઠળ વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં આવેલા ડાઇઝ અને ઇન્ટરમીડીએટ્સ ઉત્પાદન કરતાં ઉદ્યોગોમાં કામ કરતાં કારીગરોના કપડા ખૂબ જ ગંદા થતા હોઇ, તેઓની જરૂરીયાતોને ધ્યાને લઇ જુના કપડા કે જે વપરાશમાં ન હોય, તેવા કપડાઓનું કલેશન સેન્ટર નીચે જણાવેલ ગ્રીન સમ્પ રૂમમાં શરૂ કરવામાં આવેલ છે.

૧) ગ્રીન પમ્પીંગ સ્ટેશન નં.૪, નીલસીન કમ્પાઉન્ડની બાજુમાં ફેઝ-૧
૨) ગ્રીન પમ્પીંગ સ્ટેશન નં.૧, આબાદ બેકરીની બાજુમાં ફેઝ-૩

### મુખ્ય સેમિનાર

આઇ.ટી.આઇ. વસ્ત્રાલ (મણિનગર) અને કુબેરનગર દ્વારા વર્ષ દરમ્યાન રોજગાર ભરતીમેળાનું આયોજન એસોસીએશન ખાતે કરેલ. તેમજ દર માસના બીજા સોમવારે સવારે ૧૧ કલાકથી સાંજના ૫ કલાક સુધી ભરતીમેળાનું આયોજન આઇ.ટી.આઇ. વસ્ત્રાલ (મણિનગર) દ્વારા યોજવામાં આવે છે. તો જે એકમોને સ્કીલ મેનપાવરની જરૂરીયાત હોય, તેઓ આઇ.ટી.આઇ. વસ્ત્રાલનો સંપર્ક સાંધવો.

ગુજરાત શ્રમ યોગી બોર્ડ દ્વારા તા.૨૮.૦૨.૨૦૨૩ ના રોજ એક સેમિનારનું આયોજન કરેલ જેમાં શ્રમયોગીઓને મળતા લાભો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી.

એસોસીએશન દ્વારા જન વિકાસ કેન્દ્રના સહયોગથી કર્મચારી વીમા યોજના (ESIC) હેઠળ મળતા લાભો અને તેની વિસ્તૃત માહિતી આપવા તા. ૧૧.૦૧.૨૦૨૩ ના રોજ શ્રી ગૌતમ કુમાર, ડે.ડાયરેકટરશ્રી, ESIC ની અધ્યક્ષતામાં એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં તેઓશ્રી દ્વારા કામદારોને મળતા લાભોની જાણકારી આપવામાં આવેલ હતી. આ સેમિનારમાં વસાહતના ઉદ્યોગોના પ્રતિનિધિઓ તેમજ કામદારો હાજર રહેલ હતાં.

ગુજરાત શ્રમ યોગી બોર્ડ દ્વારા તા.૨૮.૦૨.૨૦૨૩ ના રોજ એક સેમિનારનું આયોજન કરેલ જેમાં શ્રમયોગીઓને મળતા લાભો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી.

આ વર્ષે પણ ઉનાળાની ૠતુને ધ્યાને લઇ એસોસીએશન દ્વારા વસાહતમાં ચારેય ફેઝ ખાતે જુદા જુદા સ્થળો ઉપર છાસ વિતરણ કરવામાં આવેલ તેમજ ઠંડા પીવાના પાણીની વ્યવસ્થા પણ કરવામા આવેલ હતી.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં એસોસીએશન દ્વારા કરવામાં આવેલ કામગીરીનો વિગતવાર અહેવાલ વાર્ષિક અહેવાલમાં દર્શાવેલ છે જેની નોંધ લેવા વિનંતી છે.

### કાર્યસુચી : ૫

વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનની વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના ૫૩ મા વાર્ષિક સામાન્ય સભામાં સબ્જેકટ કમિટી સભ્યશ્રી અને પૂર્વ પ્રમુખશ્રી કિરીટભાઇ પટેલે સભાને જણાવેલ કે આ વર્ષે માટે સબ્જેકટ કમિટીને કોઇ દરખાસ્ત મળેલ નથી, સભાએ જેની નોંધ લીધેલ હતી.

### કાર્યસુચી : ૬

વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ચેરીટેબલ ટ્રસ્ટ (હોસ્પીટલ) નાં ટ્રસ્ટીશ્રી તેમજ પૂર્વપ્રમુખશ્રી મિહિરભાઇ પટેલ દ્વારા એસોસીએશનની આજરોજની વાર્ષિક સામાન્ય સભામાં સર્વે પદાધિકારીશ્રીઓ અને સભ્યોશ્રીઓનું સ્વાગત કરી, હોસ્પીટલમાં ચાલતી હાલની પ્રવૃતિઓની માહિતી આપતા જણાવેલ હતું કે ઔદ્યોગિક વસાહતના કામદારો અને તેમના કુટુંબીજનો માટે ૨૫ વર્ષ પહેલાં નાની હોસ્પીટલની શરૂ કરેલ જે આજે 'મીની હોસ્પીટલ' રૂપમાં કાર્યરત છે. અત્યાર સુધી હોસ્પીટલમાં **5,72,663** દર્દીઓને સારવાર અપાઇ છે. દર્દીઓને નજીવા દરે દવા આપવામાં આવે છે.

આ વર્ષ દરમ્યાન ૨૧૦૪૫ જેટલા દર્દીઓ દ્વારા આપણી હોસ્પીટલમાંથી સારવાર મેળવેલ છે. આ હોસ્પીટલની સારવારનો ઉપયોગ વટવા એસ્ટેટના કામદારો, સ્ટાફ તથા આજુબાજુના રહેણાંક વિસ્તારો અને ગામોના લોકો લાભ લઇ રહ્યા છે. વટવાની ઘણી ઇન્ડસ્ટ્રીઝ રેગ્યુલર તેમના કામદારોને મોકલે છે અને રેગ્યુલર પેમેન્ટ કરે છે. જે ઘણું આવકારદાયક છે. હોસ્પીટલના વાર્ષિક હિસાબો બાબતે જણાવ્યું કે ટ્રસ્ટની આવકજાવક જોતા નહી સરપ્લસ રહે છે. આપણા કોમ્પલેક્ષમાં આવેલ SBI બેંકનું ભાડુ રૂા. ૧.૨૫ લાખ માસિક આવે છે.

હોસ્પીટલમાં એક્ક્ષ-રે, પેથોલોજી લેબોરેટરી, બેડની સગવડ છે. આગામી વર્ષોમાં હોસ્પીટલનું વિસ્તૃતીકરણ કરી આંખ-દાંતનો વિભાગ શરૂ કરેલ છે. આ ઉપરાંત હોસ્પીટલના સ્થળે હાલમાં દર્દીઓની પ્રાથમિક સારવાર માટે નવા કેબીનો બનાવેલ છે. જેનો લાભ વસાહતના ઉદ્યોગોના કામદારો અને આજુબાજુના રહેવાસીઓ દ્વારા લેવામાં આવેલ હતો.

આપણા ટ્રસ્ટમાં દાનની રકમ સ્વીકારવામાં આવે છે. જે ઇન્કમ ટેક્ષમાંથી બાદ મળવાપાત્ર છે. તેમજ આપણા ટ્રસ્ટમાં આપેલ દાન કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સીબીલીટી (CSR) હેઠળ પણ બાદ મળવાપાત્ર છે.

વસાહતમાં આવેલ ઉદ્યોગકારોને વસાહતમાં એસોસીએશન ધ્વારા ચલાવવામાં આવતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત હોસ્પીટલનો વધુ માં વધુ લોકો ધ્વારા લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ તેમજ જે એકમોને ટ્રસ્ટમાં દાનની રકમ આપવી હોય તો ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત હોસ્પીટલનો સંપર્ક કરવા જણાવેલ હતું.

કાર્યસુચી : ૭

ચૂંટણી પરિણામ

સ્કુટીની કમિટિના ચેરમેન અને પૂર્વ પ્રમુખશ્રી મિહિર વી. પટેલે સર્વ પદાધિકારીશ્રીઓ અને સભ્યોશ્રીઓનું સ્વાગત કરી સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષની ચૂંટણી માટે ટ્રસ્ટ ડીડ ની જોગવાઇ અન્વયે સભાને જણાવ્યું કે ટ્રસ્ટી મંડળની જેટલી જગ્યાઓની ચુંટણી કરવાની હતી. તેટલા જ માન્ય ઉમેદવારી ફોર્મ આવેલ હોઇ તેમને ચુંટાયેલ જાહેર કરવામાં આવ્યા.જેની વિગત નીચે મુજબ છે અને નવા ચુંટાયેલ સભ્યશ્રીઓનું બુકે આપી સ્વાગત કરવામાં આવ્યુ હતું.

પ્રમુખશ્રી : શ્રી ડિમ્પલ વી. પટેલ
ઉપ-પ્રમુખશ્રી : શ્રી વશિષ્ઠ કે. વઢવાણા

**ફેઝ-૧ કારોબારી સભ્યશ્રીઓ**

૧) શ્રી અલ્કેશ બી. પટેલ
૨) શ્રી ગૌરવ વી. પટેલ
૩) શ્રી પરેશ પી. પટેલ
૪) શ્રી સાગર વી. કોઠારી

**ફેઝ-૩ કારોબારી સભ્યશ્રીઓ**

---Nil---

**ફેઝ-૨ કારોબારી સભ્યશ્રીઓ**

૧) શ્રી ભુમિલ એસ. શાહ
૨) શ્રી માર્મિક એ. મહેતા
૩) શ્રી વરૂણ બી. પટેલ

**ફેઝ-૪ કારોબારી સભ્યશ્રીઓ**

૧) શ્રી ચેતન વી. ખાખરીયા
૨) શ્રી ધવલ પી. પટેલ
૩) શ્રી જીગર બી. પટેલ
૪) શ્રી કિરણ એન. પટેલ

**કાર્યસુચી : ૮**

વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પૂર્વ પ્રમુખશ્રીઓ દ્વારા સભ્યમિત્રોનું તથા મહેમાનોનું સ્વાગત કરેલ અને એસોસીએશનના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના નવા ચુંટાયેલ હોદ્દેદારોને અભિનંદન પાઠવેલ હતાં તથા નવી વરાયેલી ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ હતાં.

**નવા પ્રમુખશ્રીનુ સભાને સંબોધન**

એસોસીએશનમાં ચોથી વખત મને પ્રમુખ તરીકેની વરણી કરવા બદલ આપ સર્વનો ખૂબ જ આભારી છું. આપે મને ફરીથી પ્રમુખ તરીકેની જવાબદારી સોંપી છે તેમાં હું અને મારી ટીમ દ્વારા ખરા ઉતરવાની સંપૂર્ણપણે પ્રયત્ન કરીશું.

વસાહતમાં  આપણા લક્ષ્યાંક મુજબ વર્ષ દરમ્યાન ૨ લાખ જેટલા વૃક્ષોના વાવેતરનો જે લક્ષ્યાંક છે તેને પૂર્ણ કરવાની કોશીશ કરીશું અને વસાહતમાં ગ્રીન બેલ્ટનો વધારો કરી, એર ક્વોલીટી ઇન્ડેક્ષના સુધારા માટેના પ્રયત્નો પણ કરવામાં આવશે.

ગત વર્ષ દરમ્યાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરની જગ્યાની ફાળવણી માટે જીઆઇડીસીના VCMD ગાંધીનગર ખાતે તેમજ રીજીયોનલ ઓફીસના તમામ અધિકારીઓ સાથે વારંવાર મીટીંગો અને પત્રો દ્વારા જાણ કરવામાં આવેલ છે અને તેઓ દ્વારા જગ્યાની ફાળવણી માટે પ્રાયોગીક ધોરણે મંજૂરી આપવા સંમત થયેલ છે.તે કામને આગળ ધપાવવાના પ્રયત્નો કરવામાં આવશે.

હાલ વસાહતના તમામ રોડ અને તેની માર્જીનમાં નિયમિત રીતે સફાઇ થઇ રહી છે જેથી મેમ્બરોને હું અનરોધ કરું છુ કે ઘણા એકમોની પોતાના એકમની બહાર આવેલ માર્જીનની જગ્યા ઉપર આર.સી.સી. ના કામો કરવા માટે અરજીઓ મળે છે તો દરેક મેમ્બરો જે પોતાના એકમોની બહાર આવેલી માર્જીનની જગ્યાઓ ઉપર R.C.C. કામને બદલે પેવર બ્લોક કરાવે, જેથી ભવિષ્યમાં જો કોઇ કારણસર યુટીલીટી અપગ્રેડેશનના કામો માટે અડચણ ન થાય અને એસ્ટેટની સુદરતામાં વધારો થઇ શકે.

એસોસીએશનની પ્રવૃતિઓમાં આપ સર્વે સભ્યમિત્રો મને સાથ અને સહકાર આપવાનું ચાલુ રાખશો તેવી અપેક્ષા રાખું છું.

ફરીથી આપ સૌનો આભાર.

જય હિંદ

**કાર્યસુચી : ૯**

પ્રમુખશ્રી ની મંજુરી માટે કોઇ મુસદો આવેલ ન હોઇ.હવે કોઇ કામ હાથ ઉપર ન રહેતા પ્રમુખશ્રી એ હાજર રહેલ સર્વે સભ્યશ્રીઓનો આભાર માની સભા બરખાસ્ત કરી.

## માનદમંત્રીનો અહેવાલ સને ૨૦૨૩-૨૦૨૪



**સભ્યમિત્રો,**

**અભિવાદન......**

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના ૫૪ માં વર્ષના વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલની નોંધ આપની સમક્ષ આગામી વાર્ષિક સભામાં નોંધ લેવા માટે સાદર રજૂ કરતા હર્ષની લાગણી અનુભવું છું.

### એસોસીએશનની સભ્ય સંખ્યા :

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન કુલ ૧૨૫૭ સભ્યોનું સંખ્યાબળ ધરાવે છે. જેમાં આ વર્ષ દરમ્યાન એસોસીએશનમાં કુલ ૧૬ સભ્યશ્રીઓએ નવું સભ્યપદ મેળવેલ છે. તેમાં ૧૩ સભ્યોએ ઓર્ડીનરી લાઇફ મેમ્બર, ૨ એસોસીએટ લાઇફ મેમ્બર અને ૧ ઓર્ડીનરી એન્યુઅલ તરીકે મેમ્બરશીપ મેળવેલ છે જે એસોસીએશનની કામગીરીની સફળતા બતાવે છે અને એસોસીએશનના કામને અનુમોદન મળે છે.

### વસાહત ખાતે ઉપલબ્ધ સુવિધાઓ

* ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) તરફથી વટવા જીઆઇડીસી ફેઝ-૧ ખાતે ઉદ્યોગકારોની સુવિધા માટે આધુનિક ઉપકરણોથી સજ્જ ઇલેક્ટ્રોનિક એક્ષચેન્જ કાર્યરત છે. તેમજ કમ્પ્યુટરાઇઝ ટેલીકોમ સેન્ટર ચાલુ છે. જેમાં ફેકસ, ટેલેક્ષ, ટેલીફોન, મોબાઇલ બિલ સ્વીકારવાની સુવિધા છે.
* મે.ટોરેન્ટ પાવર લી. અમદાવાદ દ્વારા વટવા જીઆઇડીસી વસાહતમાં રામોલ ચોકડી પાસે, ફેઝ-૪, જી.આઇ.ડી.સી. વટવા ખાતે નવી કચેરી ચાલુ કરેલ છે, જયાં નવા પાવરના જોડાણ, વધારો, ઘટાડો તેમજ બીલીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
* વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલ પ્લોટ નં.જી-૧, ફેઝ-૧, જી.આઇ.ડી.સી. વટવા ખાતે છેલ્લા ૨૫ વર્ષથી હોસ્પીટલ ચલાવવામાં આવે છે. જયાં સવારે ૮:00 થી સાંજે ૬:00 વાગ્યા સુધી ડોકટરશ્રી હાજર રહી સેવા આપે છે. તેમજ નિષ્ણાંત ડોકટરશ્રીઓ પણ નિયત દિવસે અને નિયત સમયે સેવા આપે છે અને રોજના ઓપીડીમાં આશરે ૧૫૦-૨૦૦ જેટલા દર્દીઓને રાહત દરે ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.
* વટવા ઔદ્યોગિક વસાહતમાં રાષ્ટ્રીયકૃત બેંકો, કો.ઓપ.બેંકો તેમજ પ્રાઇવેટ બેંકો પણ કાર્યરત છે અને તેઓના દ્વારા ATM કાઉન્ટરની સેવા ૨૪ કલાક મળી રહે છે.
* આપણાં એસોસીએશનનો **"Centre of Excellence & Training Centre"** પ્લોટ નં.૫૧૧,ફેઝ-૪ જી.આઇ.ડી.સી.વટવા અમદાવાદમાં કાર્યરત છે. જેમાં ૫૦૦ વ્યકિતની કેપેસીટી વાળો "ટોરેન્ટ સેમિનાર હોલ", ૨૫૦ વ્યકિતની કેપેસીટીવાળો "બાબુકાકા ઓડિટોરીયમ" તથા ૫૦ વ્યકિત માટે શ્રી કે.ડી.પટેલ ટ્રેનીંગ સેન્ટર તથા બંસીધર ફાઉન્ડેશનનો ટ્રેનીંગ રૂમ તેમજ કમલાદેવી સંપતરાય શાહ બોર્ડ મીટીંગ રૂમની સંપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રકચરની સગવડ સાથે ઉપલબ્ધ છે.
* એસોસીએશન દ્વારા સેન્ટર ઓફ એકસલન્સ બિલ્ડીંગ ખાતે જનવિકાસ કેન્દ્ર, અમદાવાદના સહયોગથી વસાહતના ઉદ્યોગોમાં કામ કરતાં કામદારો માટે ઇશ્રમ કાર્ડ, પાનકાર્ડ, આયુષ્માન કાર્ડ, સુકન્યા સમૃધ્ધિ યોજના તેમજ જનધન યોજના હેઠળના બેંક એકાઉન્ટ, વગેરે જેવી યોજના નિ:શુલ્ક શરૂ કરવામાં આવેલ છે. વિશેષમાં તેઓ દ્વારા એસોસીએશન ખાતે જુદા જુદા ટ્રેડના ટ્રેનીંગ સેન્ટરો યુવાનો અને યુવતીઓ માટે ખોલવામાં આવેલ છે. જે હાલમાં કાર્યરત છે.
* આપણે આપણા ઉદ્યોગકાર સભ્યશ્રીઓ માટે Whatsapp Messages અને ઇમેઇલ સીસ્ટમ સર્વિસ ચાલુ કરેલ છે. જેનો લાભ હાલમાં ઉદ્યોગકારો લઇ રહેલ છે.
* એસોસીએશન દ્વારા ઇવેસ્ટ કલેકશન માટે e-coil waste mgt. pvt. ltd. અમદાવાદ સાથે મળીને વસાહતની કંપનીઓમાંથી ઇવેસ્ટ કલેકશનની કાર્યવાહી કરવામાં આવે છે.
* સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ યોજના અન્વયે જીઆઇડીસી વટવા ઔદ્યોગિક વસાહતના સર્વે એકમોમાંથી ડોર ટુ ડોર ડોમેસ્ટીક સોલીડ વેસ્ટ ઉપાડવાની યોજના તા.૧.૨.૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલ હતી. જે હાલમાં સુપેરે ચાલી રહેલ છે.

* વસાહતમાં મે-૨૦૧૮ વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહત ખાતે બનાવેલા રોડના બંને સાઇડોની સફાઇ કામ વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જે હાલમાં સુપેરે ચાલી રહેલ છે.
* વસાહતના ઉદ્યોગકારોએ વસાહતને વટવા બને વૃંદાવન યોજના હેઠળ સ્વચ્છ રાખવા તેમજ આપણા દેશના વડાપ્રધાનશ્રીના સ્વચ્છ ભારત અભિયાન હેઠળ પોતાની ફેકટરીઓમાંથી નીકળતા કચરાનો નિકાલ ગમે ત્યા કરવો નહી. આ બાબતે એસોસીએશન દ્વારા ડોર ટુ ડોર સોલીડ વેસ્ટ કલેકશન યોજના વટવા ઔદ્યોગિક વસાહતમાંથી ઉદ્યોગોનો ડોમેસ્ટીક સોલીડ વેસ્ટ ઉપાડવામાં આવે છે અને તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પીરાણા સાઇટ ઉપર તેઓ દ્વારા નિયુકત કરેલ મે.ક્રિએટીવ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.ને પ્રોસેસીંગ માટે એસોસીએશન દ્વારા પહોંચાડવામાં આવે છે.
* એસોસીએશન દ્વારા વસાહતના ફકત નોન કેમીકલ ઉદ્યોગોના ખાળકૂવા ખાલી કરવાની સુવિધાઓ સપ્ટેમ્બર -૨૦૨૨ થી ગ્રીન એન્વાયરોન્મેન્ટ સર્વિસીસ કો.ઓ. સોસાયટી લી.ના સહયોગથી શરૂ કરેલ છે જે હાલ સુપેરે ચાલી રહેલ છે.
* આપણા સેન્ટર ઓફ એકસલન્સ બિલ્ડીંગ ખાતે આવેલા સેમિનાર હોલમાં અવારનવાર ઉદ્યોગકારોના અવેરનેશ પ્રોગ્રામના કાર્યક્રમો થતા રહે છે. આ ઉપરાંત રાજ્યસરકાર દ્વારા ઇન્ડસ્ટ્રીયલ સેફટી અને તેને લગતાં પ્રોગ્રામો પણ કરવામાં આવે છે. દરેક ઉદ્યોગકારોએ પોતાની ફેકટરીઓમાં સેફટીના સાધનો વસાવી અવારનવાર થતાં નાના મોટા અકસ્માતો ન થાય તેની તકેદારી રાખવી જોઇએ. આ ઉપરાંત અવારનવાર પરિપત્રો ધ્વારા પણ વસાહતના ઉદ્યોગકારોને આ બાબતે સમયાંતરે જાણકારી પૂરી પાડવામાં આવે છે.
* વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા પાણી પુરવઠા યોજના તેમજ ઇન્ફ્રાસ્ટ્રકચર બીલની ચુકવણી NACH તેમજ ડિઝીટલ પેમન્ટ સીસ્ટમ ICICI બેંકના સહયોગથી કરવામા આવેલ છે તેમજ ઉપરોકત બીલોના લેણાની રકમના ૧૨ માસના એડવાન્સ ભરપાઇ કરવામાં આવે તો તેવા એકમોને ૫ ટકા રીબેટ આપવામાં આવે છે.

વસાહતમાં વર્ષ દરમ્યાન થયેલ એસોસીએશનને કરેલ વિવિધ પ્રવૃતિઓની માહિતીઓના અહેવાલ નીચે મુજબ છે.

## (૧) અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન લગતી બાબતો

**તા. ૨૫.૦૯.૨૦૨૩**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરશ્રી ની  અધ્યક્ષતા વસાહતમાં મચ્છુનગર પાસે ખારીકટ કેનાલ ઉપર આવેલ બે બ્રીજોના નવીનીકરણના ચર્ચા વિચારણા માટે એક મીટીંગ એસોસીએશનના પ્રતિનિધિઓ સાથે મળેલ હતી. પરંતુ મ્યુનિસિપલ કમિશનરશ્રી આ મીટીંગમાં હાજર ન હોઇ, ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી સાથે ચર્ચા વિચારણા કરેલ અને તેઓશ્રીએ જણાવેલ કે એસોસીએશનની માંગણીઓની ચર્ચા કમિશનરશ્રી સાથે કરી, આગળની કાર્યવાહી કરવા જણાવેલ હતું.

**તા. ૦૨.૧૨.૨૦૨૩**

વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં સ્વચ્છતા અભિયાન અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોનના અધિકારીશ્રીઓ એસોસીએશનની મુલાકાતે આવેલ હતાં જે એસોસીએશનના પ્રમુખશ્રી ડિમ્પલભાઇ પટેલની અધ્યક્ષતામાં મીટીંગ મળેલ હતી.

**તા. ૦૫.૧૨.૨૦૨૩, તા.૧૨.૧૨.૨૦૨૩ અને તા. ૨૯.૦૧.૨૦૨૪**

તા.૨૪.૧૧.૨૦૨૩ ના રોજના ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, ગાંધીનગર દ્વારા તા.૧૪.૦૯.૨૦૨૨ ના ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનમાં પ્રસિધ્ધ થયેલ સમાચાર “વટવામાં કલરવાળું પાણી અને હવામા પ્રદૂષણ ફેલાય છે તે બાબતના અહેવાલ  સંબંધીત એસોસીએશનને સમન્સ પાઠવવામાં આવેલ હતો. તે અનુસંધાને વટવા જીઆઇડીસી ઓદ્યોગિક વસાહતમા સ્વચ્છતા અંગે ડે. મ્યુનિસપલ કમિશનરશ્રી પૂર્વ ઝોન, અ.મ્યુ.કો. એસોસીએશન વતી પ્રમુખશ્રી ડિમ્પલભાઇ પટેલ, વેલ ચેરમેન શ્રી અંકિતભાઇ પટેલ તથા હોદેદારો.દ્વારા સંયુકત રીતે એસ્ટેટની સ્વચ્છતા માટે કામગીરી કરવામાં આવેલ હતી. ઉપરોકત કામગીરીની સમિક્ષાની મીટીંગોમાં જી.આઇ.ડી.સી. વટવાના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જી.પી.સી.બી.(પૂર્વ) વટવાના અધિકારશ્રી, ગ્રીન એન્વાયરોનમેન્ટ એકિઝ. ડાયરેકટરશ્રી દિપકભાઇ દાવડા તેમજ અ.મ્યુ.કો. પૂર્વ ઝોનના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા

**તા. ૧૨.૧૨.૨૦૨૩**

વટવા જીઆઇડીસી એસ્ટેટના તમામ ઉદ્યોગોને સ્વચ્છતા અંગે જાગૃતતા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોનના હેલ્થ વિભાગ દ્વારા એક સેમિનારનું આયોજન એસોસીએશનના સેન્ટર ઓફ એકસલન્સ બીલ્ડીંગ ખાતે કરેલ હતું. આ સેમિનારમાં વસાહતના અન્ય ઉદ્યોગકારો/ પ્રતિનિધિશ્રીઓ દ્વારા બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો.

**તા. ૧૮.૧૨.૨૦૨૩**

અ.મ્યુ.કો. પૂર્વઝોનના ટીબી સેલ દ્વારા વટવા, રામોલ, ભાઇપુરા વિસ્તારના ટીબીના દર્દીઓની ઓળખ તેઓ દ્વારા કરવામાં આવેલ છે. જેઓને સાત્વીક તેમજ પોષ્ટીક આહાર મળી રહે તે અંગે એસોસીએશન દ્વારા આ ટીબીના દર્દીઓને ડિસેમ્બર ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં કુલ ૬ વખત કીટો આપવાનુ નકકી કરેલ છે જે અનુસંધાને એસોસીએશનના ઉપપ્રમુખશ્રી વશિષ્ઠ વઢવાણા અને માનદ મંત્રીશ્રી કિરણ પટેલના હસ્તે રામોલ અ.મ્યુ.કો.ના દવાખાના ખાતે ઓળખ કરેલા ટીબીના દર્દીઓને પ્રોટીનયુકત રાશન કીટ વિતરણ એસોસીએશન દ્વારા કરવામાં આવેલ હતી

આ બાબતે વધુ જાણકારી આપતા ઉપપ્રમુખશ્રી વશિષ્ઠભાઇ વઢવાણા દ્વારા જણાવેલ હતું કે પ્રધાનમંત્રીશ્રીની ટીબી મુકત ભારત યોજના અંતર્ગત એસોસીએશન દ્વારા ડિસેમ્બર ૨૦૨૪ સુધી દર બે માસે કુલ ૬ વાર કઠોળની કીટ આ ટીબી દર્દીઓને આપવાની રહેશે.

**તા. ૨૦.૦૨.૨૦૨૪**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડે.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં ટ્રીટેડ રીસાયકલીંગ વેસ્ટ વોટર વસાહતના એકમોને આપવા માટે એક મિટિંગ બોલવામાં આવેલ હતી.

**તા. ૨૪.૦૪.૨૦૨૪ અને તા. ૨૫.૦૪.૨૦૨૪**

આગામી તા.૦૭.૦૫.૨૦૨૪ ના રોજ યોજનારી લોકસભા – ૨૦૨૪ ની ચૂંટણી અનુસંધાને સામાન્ય જનતા વધુ મતદાન આપવા માટે પ્રેરાય તે માટે મ્યુનિસિપલ કમિશનરશ્રી, અ.મ્યુ.કો.ની અધ્યક્ષતમાં એક મીટીંગ બોલાવેલ. જે અનુસંધાને માન. જિલ્લા કલેટરશ્રી, અમદાવાદના અધ્યક્ષતમાં Run for Vote camapign અંતર્ગત કલેકટરશ્રીની કચેરી, અમદાવાદ ખાતે એક મીટીંગ બોલાવવામાં આવેલ હતી. જેમાં એસોસીએશન વતી શ્રી રૂપેશભાઇ ઝવેરી હાજર રહેલ હતાં.

## (૨) જી.આઈ.ડી.સી. લગતી બાબતો

તા. ૧૮.૦૮.૨૦૨૩

વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં એસોસીએશન દ્વારા જીઆઇડીસી પાસે ફેઝ-૨ માં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરની સ્થાપના માટે જગ્યા ફાળવણીની રજુઆત અનુસંધાને જોઇન્ટ એમ.ડી., જીઆઇડીસી, ગાંધીનગર ખાતે એક મીટીંગનું આયોજન થયેલ હતું. જેમાં એસોસીએશન વતી પ્રમુખશ્રી ડિમ્પલ પટેલ તથા ઉપપ્રમુખશ્રી વશિષ્ઠ વઢવાણા તેમજ માનદ મંત્રીશ્રી કિરણ એન.પટેલ હાજર રહેલ હતાં. જે મીટીંગમાં જોઇન્ટ એમ.ડી. શ્રી મીના સાહેબ સાથે ચર્ચા કરેલ કે અમારી વસાહતમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટની વ્યવસ્થા નથી એસોસીએશન દ્વારા ડીપીઆર અને ખર્ચની વિગતોને રીજીયોનલ મેનેજરશ્રી, અમદાવાદને મોકલી આપેલ છે અને જોઇન્ટ એમ.ડી.એ જણાવેલ હતું કે ૨૦ ટકા જેટલી રકમ લઇ, આપણને આ પ્લોટની ફાળવણી ટૂંક સમયમાં કરવામાં આવશે.

તા. ૧૪.૦૨.૨૦૨૪

જીઆઈડીસી અમદાવાદના વિભાગીય પ્રબંધકશ્રી દ્વારા બોલાવવામાં આવેલ અને તેઓની અધ્યક્ષતા હેઠળ એક્ઝિ. એન્જીનીયરશ્રી, જીઆઇડીસી અમદાવાદની સાથે રહી વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતના પશ્નોની ચર્ચા કરવા માટે એક મિટિંગનું આયોજન જીઆઇડીસી, મેમનગર અમદાવાદ કચેરી ખાતે કરવામાં આવેલ હતું જેમાં વસાહતના નીચે મુજબના પ્રશ્નોની દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી.

૧) ડીઝાસ્ટર મેનેજમેન્ટની સ્થાપના બાબતે જગ્યા ફાળવણી બાબતે

૨) વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમા અનઅધિકૃત લારી ગલ્લા તેમજ દબાણ હટાવવા બાબત.

૩) વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં G રોડ ઉપર આવેલ પ્લોટ નં.૭૯/૭,ફેઝ-૧ અમદાવાદની સામે આવેલ માર્જીન એરીયા/ખુલ્લી જગ્યાની માહિતી આપવા કે જે દબાણ કરેલ છે.

૪) વસાહતમાં આવેલ ફેઝ-૪ માં પ્લોટ નં.૩૭૪૭ થી ૩૭૫૧ વચ્ચેના પ્લોટની માહિતી બાબત.

૫) વસાહતમાં પી.પી.એરીયામાં આવેલ બોરવેલ ઉપર સોલાર પેનલ લગાવવા બાબતે.

ઉપરોક્ત મુદાઓની વિસ્તૃત ચર્ચા મીટીંગમાં કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં એસોસીએશનના પ્રમુખશ્રી ડિમ્પલ વી. પટેલ, ઉપપ્રમુખશ્રી વશિષ્ઠ કે. વઢવાણા,માનદમંત્રી શ્રી કિરણ પટેલ તેમજ વેલના ચેરમેનશ્રી અંકિત એસ.પટેલ હાજર રહેલ હતા.

તા. ૧૮.૦૩.૨૦૨૪

જી.આઇ.ડી.સી. ના કાર્યપાલક ઇજનેરશ્રી, અમદાવાદ તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, વટવાની એસોસીએશન ખાતે મુલાકાત દરમ્યાન વસાહતના નીચે મુજબના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરેલ હતી.

૧) ખારીકટ કેનાલ ઉપરના મચ્છુનગર પાસે આવેલ ફેઝ-૧ અને ૪ ચારને કનેકટ કરતું ગરનાળુ કે જે જર્જરીત હાલતમાં થયેલ છે. તેના નવીનીકરણ બાબતે ચર્ચા વિચારણા કરેલ હતી.

૨) વસાહતમાં ગેરકાયદેસર લારી, ગલ્લા, કેન્ટીનો હટાવવા માટેની કાર્યવાહી કરવા એસોસીએશનને મંજૂરી આપવા બાબતે

૩) વસાહતની જીઆઇડીસીની પાણી પુરવઠા યોજનાના સંચાલન અને મરામત માટેના કરવામાં આવેલા એમ.ઓ.યુ.ના સુધારા વધારા કરવા માટેની ચર્ચા વિચારણા

ઉપરોકત મુદાઓની વિસ્તૃત ચર્ચા મીટીંગમાં કરવામાં આવેલ હતી.

## (૩) જી.પી.સી.બી ને લગતી બાબતો

**તા. ૦૧.૦૮.૨૦૨૩**

જીપીસીબી અમદાવાદ પૂર્વ, વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને ગ્રીન એન્વાયરોનમેન્ટ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે એસોસીએશન ખાતે પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત વસાહતના ઉદ્યોગકારોને જાણકારી આપવાનો એક સેમિનાર મે.નેપરા રીસોર્સીસ પ્રા.લી.ના સહયોગથી યોજેલ હતો. જેમાં જીપીસીબીના સીનીયર સાયન્ટીસ્ટ શ્રી મણિયાર સાહેબ, ગ્રીન એન્વાર્ય.ના માનદ મંત્રીશ્રી નિલેશભાઇ દામાણી અને એસોસીએશનના માનદ મંત્રી શ્રી કિરણ પટેલ હાજર રહેલ હતાં. આ સેમિનારમાં વસાહતના ઉદ્યોગકારો દ્વારા બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો. આ બાબતે વધુમાં ચર્ચા કરતાં માનદ મંત્રી શ્રીએ સભાને જણાવેલ કે પ્લાસ્ટીકની આઇટમોનું ઉત્પાદનકર્તા એકમોએ ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ પોતાના એકમનુ રજીસ્ટ્રેશન જીપીસીબીની સાઇટ ઉપર કરાવવાનું રહે છે. આ બાબતે વધુ વિગતે ચર્ચા કરતાં જણાવેલ કે જે એકમોને આ અંગે વધુ માહિતી જોઇતી હોય, તો આપણા ગ્રીન એન્વાયરોન્મેન્ટ સર્વિસીઝ કો.ઓપ.સોસાયટી લીમીટેડ, ફેઝ-૨ જીઆઇડીસી વટવા અમદાવાદ ખાતે એક હેલ્પડેસ્ક શરૂ કરેલ છે. ત્યા જીપીસીબીના અધિકારીશ્રીઓ દ્વારા આ બાબતે વધુ માહિતી આપશે.

**તા. ૦૫.૦૯.૨૦૨૩**

જીપીસીબી અમદાવાદ પૂર્વના પ્રાદેશીક અધિકારીશ્રી દ્વારા તા. ૦૫.૦૯.૨૦૨૩ ના રોજ  કે જે ભારત દેશમાં શિક્ષક દિન ઉજવણી નિમિતે વટવા જીઆઇડીસી વસાહત અને તેના આજુબાજુના વિસ્તારની હવાના પ્રદૂષણ બાબતની ચર્ચા વિચારણા અને તેના ઉપાયોની માહિતી આપવા એક મીટીંગનું જીપીસીબી અમદાવાદ પૂર્વ  વિભાગની, જીઆઇડીસી વટવા ખાતેની કચેરીમાં યોજવામાં આવેલ.

ભારતના ૧૫ માં નાણાપંચ દ્વારા દેશભરમાં એરક્વોલીટી ઇન્ડેક્ષ અને તેના પ્રિવેન્ટેશનના પગલા લેવા તેમજ આજદીન સુધીમાં આપણે એવુ જાણતા હતા કે ફક્ત ઉદ્યોગો દ્વારા જ પ્રદૂષણ થાય છે પરંતુ હાલની છેલ્લા ૨૦૧૪ પછીની પરિસ્થિતિ જોતા બાંધકામ ઉદ્યોગ દ્વારા વધુમાં વધુ પ્રદૂષણ ફેલાવવામાં આવે છે.

વધુમાં જણાવતા એપ્રિલ ૨૦૧૫ ના રીપોર્ટ મુજબ ૧૭ રાજયોના ૭૧ શહેરો પ્રદૂષણ ફેલાવવાની યાદીમાં સામેલ થયેલ છે. આ રીપોર્ટને ધ્યાને લેતા, હવાનું પ્રદૂષણ અને ડસ્ટીંગ ન થાય તે માટેની તકેદારી રાખવાની તાકીદે જરૂરીયાત ઉભી થાય છે અને તેની તમામ જવાબદારી કન્સ્ટ્રકશન સાઇટ ઉપર લેવાની અને તેની સારસંભાળ રાખવાની પ્રાથમિકતા આપવાની રહે છે. ઉપરોક્ત મીટીંગમાં એસોસીએશન વતી એકિઝ. સેક્રેટરી શ્રી વી.બી.શેઠ, અને એન્જીનીયરશ્રી આકાશ રાવલ હાજર રહેલ હતાં.

## (૪) સેમીનાર, પ્રોગ્રામ તથા મિટીંગો

**તા. ૧૧.૦૮.૨૦૨૩**

તા.૧૧.૦૮.૨૦૨૩ ના રોજ માનનીય એડી.કલેકટરશ્રી, અમદાવાદ જિલ્લાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદના પત્ર અનુસંધાને યોજાયેલ હતી. આ મીટીંગમાં અમદાવાદ જિલ્લામાં આવેલ વિવિધ ઔદ્યોગિક વસાહતોના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા વિચારણા અને તેના નિવારણ માટેના પગલા સંબંધિત સરકારી / અર્ધસરકારી વિભાગોની હાજરીમાં યોજાયેલ હતી. આ મીટીંગમાં એસોસીએશન વતી એક્ઝિ. સેક્રેટરીશ્રી વી.બી.શેઠ હાજર રહેલ હતાં.

**તા. ૨૮.૦૮.૨૦૨૩**

એસોસીએશન ખાતે સેન્ટર ફોર એન્વાયરોન્મેન્ટ એજ્યુકેશનના સીનીયર પ્રોગ્રામ ડાયરેકટરશ્રી તુષાર જાની અને તેમની ટીમ સાથે એસોસીએશનના ઓફીસ બેરર્સ અને વસાહતના બોઇલર ઓપરેટર્સ / એટેન્ડન્ટ અને પ્રમોટર્સ સાથે વસાહતમાં કોમ્યુનીટી બોઇલર ફેસીલીટીના ઇન્સ્ટોલેશન માટે તેમજ તેના દરેક પાસાઓની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવા તત્કાલીન પૂર્વ પ્રમુખશ્રી અંકિત પટેલની અધ્યક્ષતામાં મળેલ હતી. જેમાં એસોસીએશનના માનદ મંત્રીશ્રી કિરણ પટેલ અને ગ્રીન એન્વાયરોનમેન્ટ સંસ્થામાંથી શ્રી પંકજભાઇ ડઢાણીયા હાજર રહેલ હતાં.

**તા. ૧૧.૦૯.૨૦૨૩**

વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતના પાણી પુરવઠા યોજનાના પડતર પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવા માટે ઇન્ડસ્ટ્રીઝ કમિશનરશ્રી સાથે એક મીટીંગ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ હતી. આ મીટીંગમાં એસોસીએશન વતી પ્રમુખશ્રી ડિમ્પલ પટેલ, વેલ ચેરમેનશ્રી અંકિત પટેલ, ઉપપ્રમુખશ્રી વશિષ્ઠ વઢવાણા હાજર રહેલ.

**તા. ૧૧.૦૯.૨૦૨૩ થી તા. ૧૬.૦૯.૨૦૨૩**

તા.૧૧.૦૯.૨૦૨૩ થી તા.૧૬.૦૯.૨૦૨૩ સુધીમાં આપણા દેશના લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ૭૩ માં જન્મ દિવસની ઉજવણી નિમિતે ઇન્ડીયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી એસોસીએશન ખાતે સ્વૈચ્છિક રકતદાનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં એસોસીએશનના ઉદ્યોગકારો, કર્મચારીઓ અને કામદારો દ્વારા ૧૪૦૧ જેટલા રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવેલ હતું.

**તા. ૨૦.૯૦.૨૦૨૩**

સયુકત ઉદ્યોગ કમિશનરશ્રી અને જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદ દ્વારા માનનીય અમદાવાદ જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં Vibrant Gujarat & Vibrant District ની ચર્ચા વિચારણા કરવા માટે એક મીટીંગનું આયોજન કલેકટરશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, સુભાષબ્રીજ સર્કલ, અમદાવાદ ખાતે યોજેલ.

**તા. ૨૨.૦૯.૨૦૨૩**

માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા રાજયમાં વાયબ્રન્ટ ગુજરાત ૨૦ વર્ષ પહેલા તેઓના નેજા હેઠળ ચાલુ થયાને તા.૨૭.૦૯.૨૦૨૩ ના રોજ ૨૦ વર્ષ પૂર્ણ થતા હોઇ, આ દિવસે સાયન્સ સીટી, સોલારોડ અમદાવાદ ખાતે ઉજવણીનો કાર્યક્રમ માનનીય વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાનાર છે. આ સંબંધી ચર્ચા વિચારણા કરવા માટે એક મીટીંગનું આયોજન જીઆઇડીસી, અમદાવાદના પ્રાદેશીક મેનેજરશ્રી, ડિવિઝનલ મેનેજરશ્રી સાથે તેઓની કચેરી ખાતે યોજેલ. જેમાં એસોસીએશન વતીશ્રી એક્ઝિ.સેક્રેટરીશ્રી વી.બી.શેઠ હાજર રહેલ.

**તા. ૨૭.૦૯.૨૦૨૩**

માનનીય વડાપ્રધાનશ્રીની વાયબ્રન્ટ ગુજરાતને ૨૦ વર્ષ પૂર્ણ થતા હોઇ, આજરોજ તા.૨૭.૦૯.૨૦૨૩ ના સાયન્સ સીટી સોલા રોડ, અમદાવાદ ખાતે એક સમારંભનું આયોજન કરવામાં આવેલ. જેમાં જીઆઇડીસી દ્વારા એસોસીએશનને ફાળવવામાં આવેલ આશરે ૨૫૦ જેટલા પાસનુ વિતરણ વસાહતના ઉદ્યોગકારોને કરવામાં આવેલ. આ સમારંભમાં વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતના ઉદ્યોગકારો તેમજ એસોસીએશનના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો.

**તા. ૦૩.૧૦.૨૦૨૩**

એસોસીએશન ખાતે ESIC, વટવા શાખા દ્વારા તા.૦૩.૧૦.૨૦૨૩ ના રોજ સવાર ૧૧ થી સાંજના ૫ કલાક સુધી એક કેમ્પનું આયોજન એસોસીએશન ખાતે કરેલ છે. જેમાં ESIC ધારકોને તેમના આધારકાર્ડ લીંક કરવા માટે કેમ્પ રાખેલ છે. તો વધુમાં વધુ એકમો દ્વારા આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરેલ અને એસોસીએશન દ્વારા આ બાબતની દરેક એકમોને ઇમેઇલ તેમજ વોટસઅપથી જાણ કરવામાં આવેલ હતી.

**તા. 12.10.2023**

ITI વસ્ત્રાલ, મણિનગરના પ્રિન્સિપાલ ગ્રેડ - 1 દ્વારા તેમની સંસ્થામાં ઉત્તીર્ણ થયેલ વિધાર્થીઓના કોન્વોકેશન સમારંભમાં એસોસિએશનના પ્રમુખશ્રી ડીમ્પલ પટેલને આમંત્રણ પાઠવેલ જે અનુસંધાને પ્રમુખશ્રી આ પ્રસંગે હાજર રહી, ઉત્તીર્ણ થયેલા વિધ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ હતા.

**તા. 17.10.2023**

ડિસ્ટ્રિકટ કલેકટરશ્રી, અમદાવાદ જિલ્લા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નેજા હેઠળ GCCI, FIA, ASSOCHEM ના સહયોગથી પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલ, એસ.જી. હાઇવે, અમદાવાદ ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ VIBRANT GUJARAT - VIBRANT DISTRICT નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આગામી VIBRANT GUJARAT જાન્યુઆરી - 2024 ના રોજ યોજનાર પ્રોગ્રામ માટેના MOU કરવામાં આવેલ. આ પ્રસંગે એસોસિએશન વતી ઓફિસ બેરર્સ હાજર રહેલ હતા.

આ બાબતે આપણાં એસોસિએશનના પૂર્વ પ્રમુખશ્રી સચિનભાઇ પટેલ દ્વારા આગામી VIBRANT GUJARAT JANUARY - 2024 સંદભે તેઓશ્રી દ્વારા રૂ. 28.00 કરોડના MOU મે સચિન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવેલ. જેની સભા દ્વારા નોંધ લેવામાં આવેલ હતી અને શ્રી સચિનભાઇ પટેલને અભિનંદન પાઠવેલ હતા.

**તા. 19.10.2023**

તા. 19.10.2023 ના રોજ એસોસિએશન ખાતે પ્રમુખશ્રી ડીમ્પલ પટેલના આમંત્રણને માન આપી, વટવા, નરોડા, ઓઢવ, કઠવાડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના વર્ષ 2023-2024 ના પદાધિકારીશ્રીઓ સાથે એક સંયુક્ત મિટિંગનું આયોજન કરેલ. જેમાં મુખ્યત્વે આ ચારેય વસાહતના કોમન પડતર પ્રશ્નોની ચર્ચા કરેલ હતી.

આ બાબતે વધુ ચર્ચા કરતાં જણાવેલ હતું કે હાલનો મુખ્ય પ્રશ્ન મંજૂરી વગરના વધારાના બંધકામને નિયમિત કરવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા 31.07.2023 સુધી મુદત કરેલ અને જીઆઇડીસી વસાહતમાં આવેલા કેમિકલ એકમો માટે પણ 31.07.2023 સુધી જ મુદત રાખેલ હતી. જેની જાહેરાત છેલ્લા દિવસે જ કરવામાં આવેલ હતી જેથી કરીને ઘણા કેમિકલ એકમો દ્વારા આ યોજનાનો લાભ લીધેલ નથી. જેવી રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન હદમાં આવેલા રહેઠાણના બાંધકામની મુદત 31.12.2023 સુધી વધારી આપવામાં આવેલ છે તેવી જ રીતે ઉધોગોને પણ આ મુદત વધારી આપવી જોઇએ. જેનો ચારેય એસોસિએશન વતી સંયુક્ત પત્ર માન. મુખ્યમંત્રીશ્રીને અને માન. ઉધોગમંત્રીશ્રીને પાઠવવા નક્કી કરેલ.

**તા. ૨૦.૦૧.૨૦૨૪**

STRIVE પ્રોજેકટ અંતર્ગત વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા એક કોન્ફરન્સ મીટીંગ ITI મણિનગરના પ્રિન્સીપલ તેમજ રોજગાર કચેરી ગાંધીનગરના અધિકારીશ્રીની અધ્યક્ષતામાં મળેલ. જેમાં વસાહતના ઉદ્યોગકારોને જરૂરી માનવબળ પૂરુ પાડી શકાય તે સંદર્ભે ઉદ્યોગોના પ્રતિનિધિશ્રીઓ સાથે કોન્ફરન્સ યોજેલ જેમાં ઉદ્યોગોના પ્રતિનિધિઓ દ્વારા બહોળી સંખ્યામાં ભાગ લઇ, જાણકારી મેળવેલ હતી.

**તા. ૨૪.૦૧.૨૦૨૪**

ભારત સરકારશ્રીના ઉપક્રમ ECGC લીમીટેડ દ્વારા વસાહતમાં આવેલા એક્ષપોર્ટ ઇમ્પોર્ટ કરતાં એકમો માટેની વિવિધ લાભો તેમજ યોજનાની માહિતી આપવા માટે એક સેમિનારનું આયોજન વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ટોરેન્ટ સેમિનાર હોલ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં વસાહતના ઉદ્યોગકારો તેમજ તેઓના પ્રતિનિધિશ્રીઓ દ્વારા બહોળી સંખ્યામાં હાજર રહી, જાણકારી મેળવેલ હતી.

**તા. ૦૧.૦૩.૨૦૨૪**

તા.૦૧.૦૩.૨૦૨૪ શુક્રવારના રોજ બપોરે ૩:૩૦ થી ૪:૩૦ સમય દરમ્યાન Income Tax section 43B(h) હેઠળ માઇક્રો અને સ્મોલ એકમોને પેમેન્ટ માટેની માહિતિ આપવા સેમીનારનું આયોજન એસોસીએશન ધ્વારા કરવામાં આવેલ હતી. જેમાં આ વિષયના તજજ્ઞો CA માલવ સી.શેઠ, CA દિક્ષા એસ.શાહ અને CA કેવલ શાહ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ હતું અને ઇન્કમટેક્ષની વિવિધ સેકશનોની માહિતી આદાન-પ્રદાન કરવામાં આવેલ હતી. આ સેમિનારમાં વસાહતના ઉદ્યોગકારો અને એસોસીએશનના સભ્ય એકમોના પ્રતિનિધિશ્રીઓ દ્વારા બહોળી સંખ્યામાં ભાગ લઇ, જાણકારી મેળવેલ હતી. તેમજ પ્રશ્નોત્તરી દરમ્યાન જવાબો પણ આપવામાં આવેલ હતાં.

**તા. ૦૭.૦૩.૨૦૨૪**

રક્ષા યુનિવર્સીટી, ગાંધીનગર અને અમદાવાદ શહેર ટ્રાફીક પોલીસના સંયુક્ત ઉપક્રમે વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ટોરેન્ટ સેમિનાર હોલ ખાતે વટવા જીઆઇડીસી વસાહત અને તેની આજુબાજુના વિસ્તારના ટ્રક, ટેમ્પા તેમજ અન્ય કોમર્શીયલ વાહનોના ડ્રાઇવરો સાથે એક સેમિનારનું આયોજન યોજવામાં આવેલ હતું. જેમાં ટ્રાફીકને લગતા નિયમો તેમજ અકસ્માતોના નિવારણ માટે ટ્રેઇનર દ્વારા ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી અને ટ્રાફીકના નિયમોનું પાલન કરી, બને તેટલા અકસ્માતો ઓછા થાય તે રીતે ડ્રાઇવીંગ કરવાનું સૂચનો કરવામાં આવેલ હતાં.

આ સેમિનાર જશોદાનગર ટ્રાફીક પોલીસ ચોકીના સહયોગથી યોજવામાં આવેલ હતો.

**તા. ૧૧.૦૩.૨૦૨૪**

લઘુ ઉદ્યોગ ભારતી કર્ણાવતી સંભાગ દ્વારા તા.૧૧.૦૩.૨૦૨૪ ના રોજ ઉદ્યમી સંમેલનનું આયોજન વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ટોરેન્ટ સેમિનાર હોલ ખાતે યોજવામાં આવેલ. લઘુ ઉદ્યોગ ભારતી રાષ્ટ્રનું સૌથી મોટુ સંગઠન છે. જે ઉદ્યોગોના હીત થકી, રાષ્ટ્રહીતના મંત્ર સાથે છેલ્લા ૩૦ વર્ષોથી સંપૂર્ણ ભારતવર્ષમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના હિતાર્થે કામ કરી રહેલ છે અને આ ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓની રજુઆતો કેન્દ્ર તેમજ રાજય સરકારશ્રીને કરી, સાથ સહકાર આપવામાં આવે છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે માન. ઉદ્યોગમંત્રી, ગુજરાત રાજય શ્રી બળવંતસિંહ રાજપૂત હાજર રહેલ હતાં.

એસોસીએશન દ્વારા લઘુ ભારતીના અખિલ ભારતીય કેન્દ્રીય સંગઠન મંત્રી શ્રી પકાશચંદ્રજી ગુપ્તા, નું બહુમાન પ્રમુખશ્રી ડિમ્પલ પટેલ અને માનદ મંત્રીશ્રી કિરણ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું તેમજ માન.ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત ગુજરાત રાજયનુ બહુમાન વેલ ચેરમેનશ્રી અંકિત પટેલ અને ઉપપ્રમુખશ્રી વશિષ્ઠ વહવાણા અને દ્વારા કરવામાં આવેલ હતું..

લઘુ ઉદ્યોગ ભારતીને વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહત તરફથી ૫૧ જેટલી લાઇફ ટાઇમ મેમ્બરશીપના ફોર્મ પણ મીટીંગમાં એનાયત કરેલ હતાં.

**તા. ૧૨.૦૩.૨૦૨૪**

વટવા જી.આઇ.ડી.સી.ના ઉદ્યોગોના પડતર પ્રશ્નોની રજુઆત કરવા લઘુ ઉદ્યોગ ભારતી કર્ણાવતી સંભાગ સાથે વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ખાતે તા.૧૨.૦૩.૨૦૨૪ ના એક મીટીંગ પ્રમુખશ્રી ડિમ્પલ પટેલની અધ્યક્ષતામાં મળેલ હતી. જેમાં એસોસીએશન તરફથી વેલ ચેરમેનશ્રી અંકિત પટેલ, માનદ મંત્રીશ્રી કિરણ પટેલ હાજર રહેલ હતાં. આ મીટીંગમાં લઘુ ઉદ્યોગ ભારતીના અખિલ ભારતીય સંગઠન મંત્રીશ્રી પકાશચંદ્રજી ગુપ્તા હાજર રહેલ હતાં અને એસોસીએશનના પડતર પ્રશ્નોની રજુઆતો વેલ ચેરમેનશ્રી અંકિત પટેલ દ્વારા રજુઆત કરેલ હતી.

**તા. ૦૯.૦૪.૨૦૨૪**

બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ, અમદાવાદ દ્વારા વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતના ઉદ્યોગો માટે બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડના વિવિધ યોજના અને સર્ટીફીકેશન તેમજ ઉદ્યોગોની જાગૃતિ માટે એક સેમિનારનું આયોજન એસોસીએશનના શ્રી કે.ડી.પટેલ ટ્રેનીંગ સેન્ટર ખાતે યોજેલ. જેમાં ઉદ્યોગોના પ્રતિનિધિઓ દ્વારા બહોળી સંખ્યામાં હાજર રહી, સેમિનારમાં ભાગ લીધેલ હતો.

**તા. ૨૩.૦૪.૨૦૨૪**

ટોરેન્ટ પાવર લીમીટેડ, અમદાવાદના Distribution - EHS વિભાગ દ્વારા તા.૨૩.૦૪.૨૦૨૪ ના રોજ સાંજે ૩ થી ૫ સુધી વટવા જીઆઇડીસીના ઉદ્યોગો માટે ઇન્ડસ્ટ્રીયલ ઇલેક્ટ્રીકલ સેફ્ટી અંતર્ગત એક સેમિનારનું આયોજન વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના કે.ડી.પટેલ ટ્રેનીંગ સેન્ટર ખાતે કરવામાં આવેલ. જેમાં વસાહતના ઉદ્યોગકારો દ્વારા લાભ લેવામાં આવેલ હતી.

## (૫) અન્ય કાર્યક્રમો

**તા. ૧૫.૦૮.૨૦૨૩**

ભારત સરકારશ્રી દ્વારા તા.15.08.2023 ના સ્વાતંત્રદિન નિમિતે હર ઘર તિરંગા કાર્યક્રમ તા.13.08.2023 થી તા.15.08.2023 દરમ્યાન રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં આવેલા તમામ એકમોને તેઓના કામના સ્થળે આદરપૂર્વક રાષ્ટ્રધ્વજ લહેરાવવા માટે SMS / whatsapp થી જાણવામાં આવેલ હતું.

**તા. ૦૬.૧૨.૨૦૨૩**

ભારત સરકારશ્રીના MSME વિભાગના સેક્રેટરીશ્રી દ્વારા ઇન્ડસ્ટ્રીઝ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે બપોરે ૩.30 કલાકે મીટીંગ યોજેલ હતી. જેમાં રાજયમાં આવેલા MSME એકમોન હાલની નાણાકીય જરૂરીયાતો તેમજ તેઓને ધંધા રોજગારમાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે તેમજ જાણકારી મેળવવા માટે મળેલ હતી. જેમાં રાજયમાં આવેલા વિવિધ ઔદ્યોગિક સંગઠનો, એસોસીએશન તેમજ વિવિધ તજજ્ઞો દ્વારા આ મીટીંગમાં ભાગ લીધેલ હતો. એસોસીએશન વતી એકિઝ. સેક્રેટરીશ્રી વી.બી.શેઠ આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ હતાં.

**તા. ૧૫ અને ૧૬ ડિસેમ્બર ૨૦૨૩**

એસોસીએશનના ટોરેન્ટ સેમિનાર હોલમાં દિવ્ય ભાસ્કર દ્વારા યોજવામાં આવેલ સોલાર એક્ષ્પો અંતર્ગત આપણે ત્યાં આશરે 10 થી વધુ કંપનીઓ દ્વારા ભાગ લીધેલ હતો. જેમાં મુખ્યત્વે અદાણી પાવર અને ટાટા પાવર જેવી નામાંકીત કંપનીઓ દ્વારા ભાગ લીધેલ હતો. આ એક્ષ્પોનું ઉદઘાટન પૂર્વ ગૃહમંત્રીશ્રી (રાજય કક્ષા) પ્રદિપસિંહજી જાડેજા અને વટવા વિધાનસભાના ધારાસભ્યશ્રી બાબુસીંધ જાદવ દ્વારા કરેલ હતું આ સોલાર પેનલ લગાવવાથી થતા ફાયદાઓની જાણકારી આપવામાં આવેલ હતી. પ્રમુખશ્રીએ સભ્યોને જણાવ્યુ કે આ સેમિનાર વસાહતમાં આવેલા નાના એકમો માટે ખુબ જ ઉપયોગી હતો અને આ બે દિવસમાં આશરે આપણી વસાહતના તેમજ આજુબાજુના લગભગ ૨૦૦ જેટલા ઔદ્યોગિક એકમો દ્વારા મુલાકાત લીધેલ હતી.

**તા. ૦૩.૦૧.૨૦૨૪**

તા.૧૧.૦૯.૨૦૨૩ થી તા.૧૬.૦૯.૨૦૨૩ ના સમય દરમ્યાન એસોસીએશન દ્વારા બ્લડ ડોનેશનનો કાર્યક્રમ રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ જિલ્લાના સહયોગથી યોજવામાં આવેલ. જેમાં એસોસીએશન દ્વારા કુલ ૧૪૦૧ જેટલા રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવેલ હતુ. આ પ્રસંગે રેડક્રોસ સોસાયટી, અમદાવાદના પ્રતિનિધિઓ દ્વારા એસોસીએશનને આ રકતદાન સંબંધી એવોર્ડ આપેલ હતો. આ મુજબ વસાહતના ઉદ્યોગકારોના કર્મચારીઓ, કામદારો દ્વારા પણ એસોસીએશનમાં આપવામાં આવેલ રકતદાનના યોગદાન બદલ, એસોસીએશન તરફથી જે એકમોએ ૨૫ થી વધુ રકતદાતાઓનો સહયોગ મળેલ હોય, તેવા ૧૧ એકમોને પણ સર્ટીફીકેટનું વિતરણ એસોસીએશન દ્વારા કરવામાં આવેલ હતું. તેવા એકમોની માહિતી નીચે મુજબ છે.

| Sr. no | Company Name | No of Person |
|---|---|---|
| 1 | GMM Pfaudler Ltd. Plot No-5-1/2, Phase-1,GIDC, Vatva-382445 | 166 |
| 2 | Jatin Industries, Plot No-87/2/B,Phase-1,GIDC,Vatva-382445 | 120 |
| 3 | Prasad Group of Industries, Plot No-14 & 16, Phase-1,GIDC,Vatva382445 | 77 |
| 4 | Navrang Machinery Pvt.Ltd,Plot No-41/3, Phase-1,GIDC,Vatva-382445 | 54 |
| 5 | Green Environment Services Co-op.Society Ltd,Plot No-244 To 251 Phase-2, GIDC,Vatva | 49 |
| 6 | Ideal Sheet Metal ,Plot No-94/2,Phase-1,,GIDC,Vatva-382445 | 38 |
| 7 | Gayatri Rub Tech, Plot No-2510,Phase-4,GIDC,Vatva-382445 | 35 |
| 8 | Shyam Plastic Industries ,Plot No-C1/4412,Phase-4,GIDC,Vatva-382445 | 32 |
| 9 | Alps Chemical Pvt.Ltd,Plot No-612,Phase-4,GIDC,Vatva-382445 | 25 |
| 10 | Colorant Ltd,Plot No-116,Phase-2,GIDC,Vatva-382445 | 25 |
| 11 | Valiant Organics Ltd.Plot No-A1-210,Phase-2,GIDC,Vatva-382445 | 25 |

### તા. ૦૪.૦૧.૨૦૨૪

તા.૦૪.૦૧.૨૦૨૪ ના રોજ વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના સેન્ટર ઓફ એક્સલન્સ બિલ્ડીંગ ખાતે અમદાવાદ શહેરના પૂર્વ વિભાગમા આવેલ જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતો જેવી કે નરોડા, ઓઢવ, વટવા અને કઠવાડા વસાહતના ઇન્ડસ્ટ્રીઝ અસોસીએશનના ઓફીસ બેરર્સની મીટીંગ શ્રી સફીન હસન, ડીસીપી(IPS), અમદાવાદ ટ્રાફીક – જે ડિવિઝનની અધ્યક્ષતામાં તેઓના ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ સાથે સાંજે ૪.૦૦ કલાકે અમદાવાદ શહેર પૂર્વ વિભાગના ટ્રાફીક અંગે જાગૃતતા તેમજ તેના માટે સૂચનો માટે મળેલ હતી.

આ પ્રસંગે વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ દ્વારા તેમના વિસ્તારમાં ટ્રાફીકની અડચણ દૂર કરવાના સૂચનો કરવામાં આવેલ હતાં. જે બાબતે ડીસીપી ટ્રાફીકશ્રી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ હતું.

આ પ્રસંગે ડીસીપી ટ્રાફીક દ્વારા એસોસીએશનના પ્રતિનિધિઓને જણાવેલ હતું કે સ્કૂલ અને કોલેજમાં જતાં બાળકો દ્વારા ઘણીવાર અકસ્માતનો ભોગ બને છે તો આવા બાળકોને હેલ્મેટ વિતરણ કરવા માટેનો પ્રસ્તાવ મૂકેલ હતો. જે અનુસંધાને તેઓ દ્વારા એસોસીએશનો પાસે આર્થિક અનુદાન આપવા માટે આહવાન કરેલ. જે સંબંધી તેઓના પત્ર તા.૧૪.૧.૨૦૨૪ અનુસંધાને રૂા.૨૫૦/- ની કિંમતના પ્રતિ હેલ્મેટ તરીકે અનુદાન આપવા જણાવેલ હતું. જે સંબંધી એસોસીએશન દ્વારા ૨૦૦૦ જેટલા હેલ્મેટનું આર્થિક અનુદાન ભેટ તરીકે આપવા નક્કી કરેલ હતું.

### તા. ૧૧.૦૧.૨૦૨૪

ડૉ. દિવ્યાંગ ઓઝા (રજીસ્ટાર, જન્મ અને મરણ) દ્વારા તા.૧૧.૦૧.૨૦૨૪ ના રોજ નગરી હોસ્પીટલ, અમદાવાદ ખાતે બપોરે ૧.૦૦ કલાકે આયુષ્માન હેલ્થ કાર્ડ (ABHA Card) વિશે પ્રેઝન્ટેશન આપેલ. આ મીટીંગમાં અમદાવાદ શહેરના વિવિધ ઔદ્યોગિક એસોસીએશનોના પ્રતિનિધિશ્રીઓ, પોસ્ટ ડિપાર્ટમેન્ટ, રેલ્વે ડિપાર્ટમેન્ટ, સરકારી તેમજ અર્ધસરકારી હોસ્પીટલોના પ્રતિનિધિશ્રીઓ, વિવિધ યુનિવર્સીટીના પ્રોફેસર્સ, તેમજ વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન વતી શ્રી રૂપેશભાઇ ઝવેરી હાજર રહેલ હતાં. આજની મીટીંગમાં ભારત સરકારશ્રીના આરોગ્યલક્ષી કાર્યક્રમ અંતર્ગત દેશના દરેક નાગરિકે ABHA Card જનરેટ કરાવી લેવું જરૂરી છે. ABHA Card માં દરેક વ્યકિતનો હેલ્થ રેકર્ડ અપલોડ થશે, જેનાથી કોઇપણ વ્યકિતએ મેડિકલ ફાઇલો લઇને ફરવું નહિં પડે. ABHA Card ના યુનિક આઇ.ડી. નંબરથી કોઇપણ ડૉકટર, હોસ્પીટલ કે દવાખાનામાં દરેક વ્યકિતની હેલ્થ હિસ્ટ્રી જાણી શકાશે, ભારત સરકારશ્રી તરફથી હાલ આ પ્રક્રિયા વોલેન્ટરી છે પણ ભવિષ્યમાં આ યોજના ફરજીયાત કરવામાં આવશે

### તા. ૧૫.૦૨.૨૦૨૪

એસોસીએશનના C.O.E. બિલ્ડીગના ટોરેન્ટ સેમીનાર હોલ ખાતે એસોસીએશન અને જીડીએમએના સહયોગથી નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો અમદાવાદ ધ્વારા વસાહતમાં આવેલા Restricted ડાઇઝ અને કેમીકલ એકમો માટે તેઓને લગતી નાર્કોટીક્સ ડિપાર્ટમેન્ટ સાથે કાર્યવાહી અંગે જાણકારી આપતો ઓપન હાઉસ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો, એસોસીએશન વતી માનદ્ મંત્રીશ્રી કિરણ પટેલ અને જીડીએમએ તરફથી પ્રમુખશ્રી હરેશભાઇ ભુતા, ગ્રીનના ચેરમેનશ્રી રમેશભાઇ પટેલ તેમજ જીડીએમએના માનદ્ મંત્રીશ્રી નિલેશ દામાણી હાજર રહેલ હતા.

આ સેમિનારમાં વટવા જીઆઇડીસી એસ્ટેટના ઉદ્યોગકારો તેમજ અન્ય વસાહતના ઉદ્યોગકારો (Licence Holders) હાજર રહેલ હતાં અને નાર્કોટીક્સ ડિપાર્ટમેન્ટના આસી.ડાયરેટરશ્રી રીતેશ રંજનને ઉદ્યોગકારો ધ્વારા પ્રશ્નોતરી કરવામાં આવેલ, જેના તેઓશ્રી ધ્વારા જવાબો આપવામાં આવેલ હતાં તથા તેઓશ્રીએ સભાને જણાવેલ કે ટૂંક સમયમાં નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો ફેસલેસ સીસ્ટમ કરવા જઇ રહેલ છે.

### તા. ૧૭.૦૨.૨૦૨૪

STRIVE પ્રોજેક્ટ અંતર્ગત એસોસીએશન ખાતે એક મિટિંગનું આયોજન થયેલ હતુ જેમાં શ્રી કડિયા, ITI-Maninagar, એસોસીએશનના STRIVE પ્રોજેક્ટના શ્રી વિનોદ નાયક અને એસોસીએશન વતી ઉપપ્રમુખશ્રી વશિષ્ઠ વઢવાણા અને માનદ્ મંત્રીશ્રી કિરણ પટેલ હાજર રહેલ હતા.

**તા. ૧૯.૦૨.૨૦૨૪**

ESIC અમદાવાદ ધ્વારા તા.૧૯.૦૨.૨૦૨૪ ને સોમવારના રોજ તેઓના ૭૩ માં સ્થાપના દિન નિમિતે સેવા પખવાડીયાની ઉજવણી ગાંધી શ્રમ સંસ્થાન, મેમનગર,અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતી. ESIC વર્ષ ૧૯૫૨ થી ૨૦૨૪ સુધીમાં સંગઠીત ક્ષેત્રના કામદારો માટે સુરક્ષા અને સલામતી માટે કામ કરે છે. આ સેવા પખવાડીયાની ઉજવણીમાં ટ્રેડ યુનિયન,શ્રમિક સંગઠન અને ઔધોગિક એકમોના પ્રતિનિધિઓ તેમજ વિવિધ ઔધોગિક એસોસીએશનના પ્રતિનિધિઓ હાજર રહેલ.

**તા. ૨૯.૦૨.૨૦૨૪**

અમદાવાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સંયુકત ઉદ્યોગ કમિશનરશ્રી અને જનરલ મેનેજરશ્રીના તા.૨૯.૦૨.૨૦૨૪ ના પત્ર અનુસંધાને માનનીય જિલ્લા કલેકટરશ્રીની કચેરી અમદાવાદ ખાતે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ ને અનુલક્ષીને મીટીંગનુ આયોજન તા.૦૬.૦૩.૨૦૨૩ ના રોજ માનનીય જિલ્લા કલેકટરશ્રી, અમદાવાદની અધ્યક્ષતામાં મળેલ મીટીંગમાં અમદાવાદ જિલ્લાના વિવિધ ઔધોગિક સંગઠનો અને ઉદ્યોગકારોને ભાગ લેવા આમંત્રણ પાઠવેલ હતું. જેમાં  એસોસીએશન તરફથી એકિઝ. સેક્રેટરી શ્રી વી.બી.શેઠ હાજર રહેલ હતાં.

આ મીટીંગમાં ડે.કલેકટરશ્રી ઠકકર સાહેબ  અને શ્રીમતી નેહા ભાટીયા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી બારહટ સાહેબ અને મેનેજરશ્રી પઢિયાર તેમજ વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિશ્રીઓ તેમજ ઔધોગિક સંગઠનોના પ્રતિનિધિશ્રીઓ હાજર રહેલ હતાં.

**તા. ૦૯.૦૩.૨૦૨૪**

એસોસીએશનના કારોબારી સભ્યોનું બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરેલ હતું. જેમાં એસોસીએશનના તમામ કારોબારી સભ્યો દ્વારા આ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ હતો. પ્રમુખશ્રીએ આ પ્રકારનું આયોજન દર ૬ માસે કરવા અનુરોધ કરેલ હતો. આ ટુર્નામેન્ટના આયોજન બદલ પ્રમુખશ્રીએ કારોબારી સભ્યશ્રી ભુમીલ શાહ, શ્રી હાર્દિક પટેલ, અને શ્રી હર્ષદિપસિંહ ગોહીલનો આભાર માનેલ હતો.

**તા. ૧૯.૦૩.૨૦૨૪, ૦૪.૦૪.૨૦૨૪ અને તા. ૧૧.૦૪.૨૦૨૪**

જીડીએમએની અધ્યક્ષતામાં અમદાવાદ શહેરના આવેલા એકમોમાં ઔધોગિક વપરાશમાં નેચરલ ગેસ વાપરતા ૨૫૦ જેટલા એકમોના પ્રતિનિધિશ્રીઓ  તેમજ અમદાવાદ શહેરની અંદર આવેલ જીઆઇડીસી ઔધોગિક વસાહતના એસોસીએશનોના પ્રતિનિધિશ્રીઓની એક મીટીંગનું  આયોજન વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ખાતે યોજવામાં આવેલ હતુ. આ ઔધોગિક એકમોને 'Adani Total Gas Ltd' જે ખાનગી કંપની છે તેના દ્વારા ઔધોગિક વપરાશ માટે ગેસ પૂરો પાડવામાં આવે છે. જેનો ભાવો માં ઘટાડો થયેલ હોવા છતાં પણ આ ઘટાડાનો લાભ કંપની દ્વારા ઉદ્યોગોને આપવામાં આવતો નથી. જેની ચર્ચા વિચારણા માટે આ મીટીંગોનું આયોજન કરેલ જેમાં ઉદ્યોગકારો દ્વારા બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો અને સર્વાનુમત્તે તા.૧૦.૪.૨૦૨૪ થી તા.૧૨.૦૪.૨૦૨૪ સુધી તમામ પી.એન.જી. વપરાશકર્તાઓને અદાણી ટોટલ ગેસ લી.ના પી.એન.જી. ગેસનો વપરાશ સ્વૈચ્છિક રીતે બંધ કરવા નક્કી કરવામાં આવેલ હતું.

આ મીટીંગની સહયોગી સંસ્થાઓ, GDMA, VIA, NIA, OIA, GESCSL, NEPL, OEPL, NOVEL હતા.

તા. ૨૮.૦૩.૨૦૨૪

અમદાવાદ પૂર્વ વિભાગના વિસ્તારના લોકસભા ૨૦૨૪ ના ઉમેદવારશ્રી હસમુખભાઇ પટેલ કે જેઓનું વટવા ઔદ્યોગિક વસાહતમાં પોતાનો ઉદ્યોગ આવેલ છે અને જેઓ એસોસીએશનના સભ્ય એકમ છે. તેઓ દ્વારા આગામી લોકસભાની ચૂંટણીમાં પોતાની ઉમેદવારી ફરીથી નોંધાવેલ હોય, તેઓ દ્વારા આજરોજ પૂર્વ વિભાગના વિવિધ ઔદ્યોગિક સંગઠનોના પ્રતિનિધિઓ તેમજ ઉદ્યોગકારો સાથે વિકસિત ભારત સંકલ્પ પત્ર ગોષ્ટી પ્રબુધ્ધ નાગરિક સેલ પૂર્વ લોકસભા અમદાવાદ દ્વારા એક મીટીંગ વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ટોરન્ટ સેમિનાર હોલ ખાતે મળેલ હતી.

તા. ૩૦.૦૩.૨૦૨૪ થી તા. ૦૩.૦૪.૨૦૨૪

ડે.કલેક્ટરશ્રી સ્ટેમ્પ ડયુટી વિભાગ, અમદાવાદ દ્વારા એસોસીએશનના ટોરેન્ટ સેમિનાર હોલ ખાતે તા.૦૭.૦૫.૨૦૨૪ ના મંગળવારના રોજ યોજનારી લોકસભાની ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે તેઓના સ્ટાફ ની ટ્રેનીંગ યોજાયેલ હતી.

છાસ વિતરણ કેન્દ્ર

મે-૨૦૨૪ દરમ્યાન ગરમીનો પ્રકોપ વધુ હોવાના કારણે એસોસીએશન દ્વારા વસાહતના ચારેય ફેઝમાં છાસ વિતરણનું કામ વિનામૂલ્યે કરવામાં આવેલ હતું.

તા. ૦૪.૦૪.૨૦૨૪

અમદાવાદ શહેરના પૂર્વ વિભાગના ડે. કમિશનર ઓફ પોલીસ (ટ્રાફીક) શ્રી સફીન હસન (IPS) અને વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના સહયોગથી અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓને ટ્રાફીકની જાણકારી આપવા અને અકસ્માતો ઓછા થાય, લોકો દ્વારા ટ્રાફીકના નિયમનોનું પાલન થાય તે હેતુથી હેલ્મેટ વિતરણ કરેલ હતું. જેમાં એસોસીએશન વતી પ્રમુખશ્રી ડિમ્પલ પટેલ અને માનદ મંત્રીશ્રી કિરણ પટેલ હાજર રહેલ હતાં.

તા. ૨૮.૦૪.૨૦૨૪

માન. જિલ્લા કલેટરશ્રી, અમદાવાદની અધ્યક્ષતામાં આગામી તા.૦૭.૦૫.૨૦૨૪ ના રોજ યોજનારી લોકસભા-૨૦૨૪ ની ચૂંટણીને અનુલક્ષીને સરકારી કર્મચારીઓની ટ્રેનીંગ કાર્યક્રમ એસોસીએશના ટોરન્ટ સેમિનાર હોલ ખાતે યોજેલ હતો.

તા. ૦૭.૦૫.૨૦૨૪

ગુજરાત રાજયમાં તા.૦૭.૦૫.૨૦૨૪ના રોજ લોકસભા - ૨૦૨૪ ની ચૂંટણી યોજાયેલ હતી, જેમાં વસાહતમાં તમામ એકમોને સવેતન રજા રાખી, દરેક કર્મચારીને મતદાન કરવા માટે આહવાન કરવામાં આવેલ હતું. જે મુજબ એસોસીએશનમાં પણ રજા જાહેર કરવામાં આવેલ હતી અને દરેક કર્મચારીઓએ મતદાન કરેલ હતું.

તા. ૨૦.૦૫.૨૦૨૪

તા.૨૦.૦૫.૨૦૨૪ ના રોજ વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના C.O.E. બિલ્ડીંગની કમિટિ રૂમમાં ઉત્તર પ્રદેશ મીનીસ્ટ્રીઝ ઓફ હાઉસીંગ ડેવલપમેન્ટના અધિકારીઓ સર્વશ્રી ડૉ.નિશીથ રાય ડાયરેક્ટર, એન્જી.શ્રી એ.કે.ગુપ્તા, શ્રી અનિલ શર્મા એડીશનલ ડાયરેક્ટર વટવા જીઆઇડીસી ઔદ્યોગિક વસાહતમાં એસોસીએશન ધ્વારા કરવામાં આવતી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનની કાર્યવાહીની જાણકારી મેળવવા આવેલ હતા તેમજ તેઓને ત્યાં પણ આપણી વસાહતની જેમ ઇન્ડસ્ટ્રીયલ કલ્સ્ટર ડેવલપમેન્ટ કરવા માટે એસોસીએશન અને તેની ભગીની સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની જાણકારી આપવામાં આવેલ હતી.

